RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 71, Dt.03-06-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મોદી રીટર્ન કે INDIA સરકાર? કાલે ફેંસલો




## તમામ એકઝીટ પોલમાં સતત ત્રીજી વખત ભાજપ સરકારને મોટી બહુમતિ મળવાનું તારણઃ બંને પક્ષોને સરકાર બનાવવાનો વિશ્વાસઃ કાલે બપોર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જવાની ધારણા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભાની ૫૪૩ બેઠકની મત ગણતરી આવતીકાલ તા. ૪ના મંગળવારે થવાની છે. દેશમાં આગામી પાંચ વર્ષ માટે કઇ સરકાર બેસશે તેનું ચિત્ર આવતીકાલે બપોર સુધીમાં સ્પષ્ટ થઇ જાય તેવું લાગે છે તો શનિવારે સાંજથી જાહેર થયેલા એકઝીટ પોલમાં ૪૦૦ નજીક બેઠક મેળવીને એનડીએ સરકાર બનવાની ધારણા વ્યકત થઇ રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સતત ત્રીજી વખત દેશના પ્રધાનમંત્રી બની રહ્યાના અંદાજો રજૂ કરવામાં આવ્યા છે.

દેશમાં જુદા જુદા તબક્કામાં ચૂંટણીનું મતદાન ચાલુ રહ્યું હતું. ગુજરાતમાં એક તરફ તમામ ૨૬ બેઠક ભાજપને મળશે તેવો અંદાજ આપવામાં આવ્યો છે. છતાં ઘણા સર્વેમાં કોંગ્રેસનું ખાતુ ખુલે અને ૧ થી ૨ બેઠક મળે તેવી ધારણા પણ વ્યકત કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પણ કોંગ્રેસને થોડો ફાયદો દેખાય અને એનડીએને ફટકો પડે તેવું અમુક રીપોર્ટ કહે છે.

એકંદરે કાલે થનારી મત ગણતરીમાં ભાજપની સરકાર બની રહી હોવાનું ચોક્કસ લાગી રહ્યું છે. ગુજરાતમાં રાજકોટ બેઠક પર વિવાદના કારણે ક્ષત્રિય આંદોલન જેવા કેટલાક સંજોગો ઉભા થયા હતા.

આમ છતાં પરિણામમાં ભાજપને બહુ ફર્ક નહીં પડે તેવો દાવો થઇ રહ્યો છે. બીજી તરફ એકઝીટ પોલ બાદ વિપક્ષ ચિંતામાં હોય તેમ ચૂંટણીમાં સતત ત્રીજી વખત રજુઆત કરી પોસ્ટલ બેલેટની મત ગણતરી ઇવીએમ પહેલા કરવાની માંગણી રજૂ કરી છે. કોંગ્રેસ સહિના વિપક્ષી મોરચાએ એકઝીટ પોલને નકારતા ઇન્ડિયા ગઠબંધનને ૨૯૫ જેટલી બેઠક મળશે તેવી આગાહી કરી દીધી છે.

દેશમાં થયેલા જુદા જુદા સર્વે, એકઝીટ પોલમાં ત્રીજી વખત ભાજપ સરકાર બની રહ્યાનો એક સામાન્ય સુર બહાર આવી રહ્યો છે. ૩૫૦થી વધુ બેઠકો તો તમામ સર્વે દર્શાવી રહ્યા છે. તો ભાજપને ૪૦૦ બેઠકની પૂરી આશા છે. આ રીતે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ સર્વેથી ઉપર જઇને બેઠકના દાવા કરી રહ્યા છે. દક્ષિણ ભારતમાં એનડીએનું ચિત્ર સુધરે તેવું દર્શાવવામાં આવી રહ્યું છે. કેન્દ્રમાં ફરી ભાજપની સરકાર બને તેવું બજારો પણ માનવા લાગી છે. શેર બજાર સહિતના માર્કેટને પણ ૪૦૦ બેઠકની આશા છે.એક એકઝીટ પોલ પર નજર કરીએ તો યુપીની ૮૦માંથી ૬૪, દિલ્હીની ૭માંથી ૬, રાજસ્થાન ૨૫માંથી ૧૯, મહારાષ્ટ્ર ૪૮માંથી ૩૦, પશ્ચિમ બંગાળમાં ૪૨માંથી ૨૬, બિહાર ૪૦માંથી ૩૧, પંજાબ ૧૩માંથી ૨-૩, હરિયાણા ૧૦માંથી ૬-૮, ગુજરાત ૨૬માંથી ૨૫-૨૬ બેઠક મેળવી શકે છે. ઓરીસ્સામાં ૨૧માંથી ૧૮-૨૦, ઝારખંડમાં ૧૪માંથી ૧૦ બેઠક ભાજપને મળી શકે છે.


આ જ પ્રકારના આંકડા જુદા જુદા સર્વે દેખાડી રહ્યા છે. ૭ તબક્કાની ચૂંટણીમાં સૌથી ઓછું ૬૨.૩૬ ટકા અને ચોથા તબક્કામાં ૬૯.૧૬ ટકા મતદાન થયું હતું.

# દુનિયાના દેશો કોરોના અને મંકી પોક્સ સહિત અન્ય મહામારી સામે સાથે મળીને લડશે

**મુખ્ય સમાચાર, જીનીવા**

દુનિયાના દેશો કોરોના અને મંકી પોક્સ સહિત અન્ય મહામારી સામે મળીને લડશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)એ મહામારીઓનો સામનો કરવા માટે તૈયારીઓમાં સુધારો કરવા સંબંધી નવા પગલાઓને લીલીઝંડી દેખાડી દીધી છે. તેથી નવી સમયસીમા પણ નકકી કરાઈ છે.

ડબલ્યુએચઓએ જણાવ્યું છે કે, આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિનિયમો (આઈએચઆર)માં સંશોધન પર બધા સહમત છે. આ ફેરફાર ૧૯ વર્ષ બાદ થઈ રહ્યો છે. ડબલ્યુએચઓએ કહ્યું હતું કે, સભ્ય દેશો તરફથી ૩૦૦ પ્રસ્તાવોના આધારે અને ફેરફાર થવાના છે. જેમકે વૈશ્વિક મહામારી ઈમરજન્સી શબ્દની વ્યાખ્યા કરવી, વિકાસશીલ દેશોને આર્થિક સહાય અને ચિકિત્સા ઉત્પાદનો સુધી બહેતર પહોંચ મેળવવા મદદ કરવી વગેરે સામેલ છે.



સંશોધનની જરૂર શા માટે પડી?: ડિસેમ્બર ૨૦૧૯ બાદ કોરોનાની પ્રથમ અને બીજી લહેરમાં દુનિયાભરમાં લાખો લોકોના જીવ ગયા હતા. સ્વાસ્થ્ય સીસ્ટમ હચમચી ઉઠી હતી, ત્યારે ડબલ્યુએચઓએ મહામારીની રાંક, તૈયારીઓ અને પ્રતિક્રિયા પર એક સમજુતી મુસદો તૈયાર કરવાનું કામ ડિસેમ્બર ૨૦૨૧માં શરૂ કર્યું હતું.

# આરબીઆઈ સતત ૮મી વખત વ્યાજદરો યથાવત રાખે તેવી સંભાવના

## ચૂંટણી પરિણામ પછી તુરંતમાં બેઠક યોજાશેઃ આર્થિક સ્થિતિમાં કોઈ ફેરફાર ન થવાને કારણે રેપોરેટ સ્થિર રખાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીના પરિણામો ૪ જૂને આવવાના છે. આના એક દિવસ બાદ જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની મોનેટરી પોલિસી કમિટી (ખઙઈ)ની બેઠક ૫ જૂનથી ૭ જૂન દરમિયાન યોજાવા જઈ રહી છે.

અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે, આ બેઠકમાં આરબીઆઈ રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરે. હાલમાં આરબીઆઈએ રેપો રેટ ૬.૫ ટકા રાખ્યો છે. ફુગાવાના પડકારો હોવા છતાં, તે સમય માટે વ્યાજ દરો સ્થિર રાખવાની નીતિ સાથે આગળ વધશે.



જો, ધારણા મુજબ, ૭ જૂને વ્યાજ દરોમાં કોઈ ફેરફાર નહીં થાય, તો યથાસ્થિતિ જાળવી રાખવાની આ ૮મી તક હશે. દેશની અર્થવ્યવસ્થા હાલમાં વેગ પકડી રહી છે. આવી સ્થિતિમાં સેન્ટ્રલ બેંક રેપો રેટ સાથે ચેડાં ટાળવા માંગે છે.

ફેબ્રુઆરી ૨૦૨૩ થી રેપો રેટ માત્ર ૬.૫ ટકા છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં ૬ સભ્યોની ખઙઈ બેઠકનો નિર્ણય શુક્રવાર, ૭ જૂને લેવામાં આવશે. તાજેતરમાં જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪માં અર્થવ્યવસ્થાની ગતિ ૮.૨ ટકા રહી છે.

IDFC ફર્સ્ટ બેન્કના મુખ્ય અર્થશાસ્ત્રી ગૌરા સેન ગુપ્તાએ જણાવ્યું હતું કે હીટવેવને કારણે ફુગાવો વધી શકે છે. હાલમાં ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડો થવાની કોઈ સંભાવના નથી.

આવી સ્થિતિમાં આરબીઆઈ વ્યાજદરમાં કોઈ ફેરફાર ઈચ્છશે નહીં. તે સાવધાની સાથે આગળ વધી શકે છે. આરબીઆઈએ અગાઉ પણ કહ્યું હતું કે તે મોંઘવારી દરને ૪ ટકાની આસપાસ રાખવા માંગે છે.

# આ એકઝીટ પોલ નથી પરંતુ મોદી મિડિયા પોલ છેઃ રાહુલ ગાંધી

## ભાજપનો એકઝીટ પોલ ઘણાં મહિનાઓ પહેલાં તૈયાર કરવામાં આવ્યો હતોઃ અખિલેશ યાદવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિપક્ષે લોકસભા ચૂંટણીના એક્ઝિટ પોલને લઈને સવાલો ઉઠાવ્યા છે અને દાવો કર્યો છે કે ૪ જૂને ભારતમાં ગઠબંધન સરકાર બનવા જઈ રહી છે. દરમિયાન, રવિવારે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ અને યુપીના રાયબરેલી અને કેરળના વાયનાડથી પાર્ટીના ઉમેદવાર રાહુલ ગાંધીએ મોટો દાવો કર્યો હતો. તેણે ૨૯૫ સીટો જીતવાની વાત કહી છે અને પંજાબી ગાયક સિદ્ધુ મૂસેલવાના ગીત ન૨૯૫'નો ઉલ્લેખ કર્યો હતો.



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું, નઆ એક્ઝિટ પોલ નથી, આ મોદી મીડિયા પોલ છે. આ તેમનો કાલ્પનિક પોલ છે. જ્યારે તેમને ઈન્ડિયા એલાયન્સની સીટોની સંખ્યા વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું, નશું તમે સિદ્ધુ મૂઝવાલાનું ગીત ૨૯૫ સાંભળ્યું છે? અમે ૨૯૫ સીટો જીતીશું.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું, એક્ઝિટ પોલ સંપૂર્ણપણે નકલી છે. ૪ જૂને સત્તામાંથી બહાર જવા વાળાએ જ આ એક્ઝિટ પોલ જાહેર કર્યા છે. ભારત ગઠબંધનને ઓછામાં ઓછી ૨૯૫ બેઠકો મળવા જઈ રહી છે. ગઈ કાલે તમામ પક્ષના નેતાઓ મળ્યા, રાજ્યવાર વિશ્લેષણ કર્યું અને તારણ કાઢ્યું કે અમને ૨૯૫ બેઠકો મળશે. વર્તમાન વડાપ્રધાન અને વર્તમાન ગૃહમંત્રીની આ માત્ર મનોવૈજ્ઞાનિક રમત છે. તેઓ અમારા નેતાઓ અને કાર્યકરો પર માનસિક દબાણ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જેથી અમારો વિશ્વાસ તૂટી જાય. પરંતુ આવું નહિ થાય.

એક્ઝિટ પોલ પર કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે કહ્યું, નઅમે અમારા પીસીસી પ્રમુખો, મુખ્યમંત્રીઓ, પ્રભારીઓ અને ઉમેદવારો સાથે ચર્ચા કરી છે, તેઓ બધા ખૂબ જ આત્મવિશ્વાસ ધરાવે છે. આ એક્ઝિટ પોલ સરકાર માટેનો નકલી પોલ છે. ભારત ગઠબંધનને ૨૯૫ બેઠકો મળશે અને નિશ્ચિતપણે સરકાર બનાવશે.

# લોકસભાની ચૂંટણીના પરિણામને લઈ સટ્ટાબજાર ગરમાયુંઃ આંતરરાષ્ટ્રીય સ્તરે એક ડઝન જેટલી એપ્લીકેશન પર રમાતો સટ્ટો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એક બાર ફિર મોદી સરકાર. આ વખતની ચૂંટણી પણ મોદી વિરૂધ્ધ બાકીના રાજકીય પક્ષો સામેની રહી છે. સાત તબક્કાનું મતદાન પૂર્ણ થતાં જ સટ્ટાબજારમાં ગરમાવો ચરમસીમા ઉપર છે. દેશભરના એક ડઝન જેટલા સ્થાનિક સટ્ટાબજારો ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે ઓનલાઈન સટ્ટો રમાડતી એક ડઝન જેટલી સટ્ટા એપ્લિકેશન ઉપર રમાતો ચૂંટણી સટ્ટો ખરેખર કેટલા અબજ રૂપિયાનો હશે તેનું અનુમાન લગાવવું શક્ય જ નથી. મતદાને પૂર્ણ થયાં પછી સટ્ટાબજારના સરેરાશ અનુમાન મુજબ ફરી એક વખત મોદી સરકાર બને છે તેના ઉપર ૮૦ ટકાથી વધુ પન્ટરોએ દાવ લગાવ્યાં છે.

પ્રાથમિક અંદાજ મુજબ, જો ફરી મોદી સરકાર આવે તો પન્ટરો કમાય અને બુકીઓ રૂ. ૧૫,૦૦૦ કરોડમાં ધોવાય તેવી શક્યતાઓ છે. બુકી બજારના




પ્રાથમિક અનુમાન મુજબ ભાજપને જ આ વખતે ૩૦૫થી ૩૦૭ બેઠક મળશે. જે વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે જીતેલી બેઠકો કરતાં વધારે છે. સટ્ટાબજારના સૂત્રો કહે છે કે, ભાજપની બેઠકોમાં વધારો થશે તે વાત નિશ્ચિત છે. પણ, તેટલી બેઠકો વધશે તેના ઉપર સટ્ટા બજાર ખરો ખેલ છે. નોંધપાત્ર બાબત એ છે કે, ગુજરાતમાં ભાજપ તમામ ૨૬ બેઠકો જીતશે તેવો સટ્ટાબજારનો સ્પષ્ટ અંદાજ છે.

સટ્ટાબજારના આંતરિક સૂત્રોનું કહેવું છે કે, બુકી બજાર ભાજપ જીતશે એટલે ખોટનો ધંધો કરે તેવું શક્ય નથી. આથી જ, બુક્ બ બિઝ કેટલી બેઠકો જીતશે તેના ઉપર બુકીંગ લઈને પન્ટરોને ધોઈ નાંખવાનો ખેલ નાંખી ચૂકી છે. સટ્ટાબજાર ભાજપને ૩૦૫થી ૩૦૭ બેઠકો તો મળશે જ તેવું જાહેર કરી ચૂકી છે તેમાં સતત અપડેટ આવતાં રહે છે. પરંતુ, પન્ટરોને ભાજપને ૩૧૦, ૩૧૫, ૩૨૦ અને ૩૨૫થી વધુ બેઠકો મળે છે તેના અલગ ભાવ કાઢવામાં આવ્યાં છે.

જો ભાજપને ૩૨૫ કે વધુ બેઠકો મળે છે તેના ઉપર ભાવ કોઈ પન્ટર લગાવે તો તેને ચારગણા પૈસા મળે છે. મતલબ કે, એકલા ભાજપને ૩૨૫ બેઠકો મળવાની સંભાવના ઓછી હોવાનું સટ્ટાબજાર માને છે. ૩૧૦ બેઠક જીતે છે તેમ કહેનાર પન્ટર જીતે તો બુકી તેમને ૧ રૂપિયા સામે ૧.૭૦ રૂપિયા ચૂકવે છે. જ્યારે, ૩૧૦ બેઠક નહીં જીતે તેનો ભાવ લગાવનારને ૧ રૂપિયા સામે ૧.૪૫ રૂપિયા ચૂકવશે. ભાજપને ૩૨૫ બેઠકો માટે એક રૂપિયા સામે ૪ રૂપિયા પચ્ચીસ પૈસા પન્ટરને ચૂકવવા બુકીઓ તૈયાર છે. ૩૨૫ બેઠકો નહીં આવે તેમ કહેનારને ૩ રૂપિયા પચ્ચીસ પૈસા ચૂકવાશે.

# કૃષિ ક્ષેત્રનો વિકાસ છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછો

## નાણાકીય વર્ષ ૨૦૨૪ ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં માત્ર ૧.૧ ટકાનો વધારોઃ બાગાયત અને વન ક્ષેત્રોમાં પાક ક્ષેત્રો કરતાં વધુ વૃદ્ધિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ગ્રોસ વેલ્યુ એડેડ (જીવીએ) નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૧.૪ ટકાના સાધારણ દરે વૃદ્ધિ પામી છે, જે ૨૦૧૮-૧૯ પછીની સૌથી નીચી વૃદ્ધિ છે. વર્ષ ૨૦૨૩માં સામાન્ય કરતાં ઓછા વરસાદને કારણે ઘણા મોટા પાકોના ઉત્પાદનને અસર થઈ હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૪ ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ૧.૧ ટકાનો વધારો થયો છે, જે ઓક્ટોબર-ડિસેમ્બરના અગાઉના ત્રિમાસિક ગાળામાં સમાન વૃદ્ધિ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ માં, કૃષિ ક્ષેત્રે સ્થિર ભાવે ૪.૭ ટકા વૃદ્ધિ નોંધાવી હતી, જ્યારે તે જ નાણાકીય વર્ષમાં, ત્રિમાસિક-દર-ક્વાર્ટરના આધારે, ત્રીજા ક્વાર્ટરમાં ૪.૮ ટકા અને ૭ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી હતી.

જો કે, ઘણા નિષ્ણાતો માને છે કે નબળા ચોમાસા છતાં ૧.૪ ટકાનો સકારાત્મક વિકાસ દર સારો છે અને તે કૃષિ ક્ષેત્રની દબાણોમાંથી ઉછળવાની ક્ષમતા દર્શાવે છે અને તે પણ સૂચવે છે કે તે હવે ઓછા વરસાદ પર નિર્ભર નથી. પાક વિસ્તારની તુલનામાં, આ હકારાત્મક વૃદ્ધિ સંલગ્ન વિસ્તારોમાં પણ થઈ શકે છે.

કૃષિ ક્ષેત્રના સંલગ્ન ક્ષેત્રો સાથે બાગાયત અને વન ક્ષેત્રો પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી પાક ક્ષેત્રો કરતાં વધુ ઝડપે વૃદ્ધિ પામી રહ્યાં છે.

ચોમાસાની વાત કરીએ તો, ગયા વર્ષે જૂનથી સપ્ટેમ્બર સુધીના ચાર મહિનામાં વરસાદ લાંબા ગાળાની સરેરાશના ૯૪ ટકા હતો, જેને સામાન્ય કરતાં નીચે તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. ૨૦૧૮ પછી આ પ્રથમ ચોમાસું સામાન્ય કરતાં



ઓછું હતું. અન્ય પ્રતિકૂળ પરિબળો ઉપરાંત, અલ નીનો મજબૂત થવાથી પણ વર્ષ ૨૦૨૩માં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો હતો.જૂન મહિનામાં મોડી મોડી આવ્યા બાદ લાંબા સમય સુધી વરસાદ પડયો ન હતો. આનાથી મહત્વના ખરીફ પાકોને અસર થઈ અને ઉત્પાદનમાં ઘટાડો થયો. વર્ષ ૨૦૨૩ માં, દેશના મોટાભાગના ભાગોમાં ચોમાસાના સમયગાળાના અંત પછી વરસાદમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હતો અને તેના કારણે રવિ પાકને પણ અસર થઈ હતી.

આ બધાનું પરિણામ એ આવ્યું કે ૨૦૨૩-૨૪ પાક વર્ષ (જુલાઈથી જૂન)માં ખાદ્યાન્નનું ઉત્પાદન પાછલા વર્ષની સરખામણીમાં ૬.૨ ટકા ઓછું હતું. અન્ય આગોતરા અંદાજો અનુસાર, તેલીબિયાંનું ઉત્પાદન પાછલા વર્ષની સરખામણીમાં ૧૧.૫ ટકા ઘટ્યું છે, જ્યારે કઠોળના ઉત્પાદનમાં ૨૦૨૨-૨૩ પાક વર્ષની સરખામણીમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. આ વર્ષ દરમિયાન ચોખાના ઉત્પાદનમાં ૨૦૨૨-૨૩ પાક વર્ષની સરખામણીમાં ૮.૮ ટકાનો ઘટાડો થયો છે.

# અંતે ભ્રષ્ટ ટીપીઓ એમ.ડી. સાગઠીયા તથા એટીપીઓ મુકેશ મકવાણાને સસ્પેન્ડ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૨૫ મેના રોજ સાંજના ૫.૩૦ વાગ્યા આસપાસ ઝછઙ ગેમ ઝોનમાં લાગેલી આગમાં ૨૭ લોકોના મૃત્યુ થયા હતા. જેમાં રાજકોટ મનપાના અધિકારીઓની ઘોર બેદરકારી સામે આવતા પોલીસ દ્વારા મનપાના ચાર અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. જેને લઈ મનપા કમિશનર દ્વારા તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા અને એટીપીઓ મુકેશ મકવાણાને સસ્પેન્ડ કર્યા છે. જ્યારે અન્ય બે આરોપી ગૌતમ જોશી અને રોહિત વિગોરાને એક સપ્તાહ પૂર્વે રાજ્ય સરકારના સીધા આદેશથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

રાજકોટ મનપાની વેસ્ટ ઝોન ટી.પી. શાખા દ્વારા TRP ગેમ ઝોનના સંચાલક યુવરાજસિંહ સોલંકીના નામે નોટિસ





પાઠવીને ગેરકાયદે બાંધકામ તોડી પાડવા જણાવાયું હતું. મનપાના ચોપડે પણ આ વાત નોંધાયેલી છે. જો કે, ત્યારબાદ કોઈ કાર્યવાહી થઈ નથી. ટીપીઓ દ્વારા બાંધકામોનું ડિમોલિશન કરવા માટે ફાઈલ છેલ્લે કમિશનરને મોકલવામાં આવે છે અને ત્યારબાદ ડિમોલિશન થાય છે પરંતુ આ ફાઈલ ખરેખર ત્યાં સુધી પહોંચી હતી કે દબાવી દેવામાં આવી હતી તેની પણ તપાસ ચાલી રહી છે.

નોટિસ પાઠવ્યા બાદ ડિમોલિશન ન કરવામાં આવતા ૨૫ મેના રોજ ઝછઙ ગેમ ઝોનમાં આગ લાગી હતી અને ગેમઝોન ડેથ ઝોન બની જતા ૨૭ લોકોના મૃત્યુ અધિકારીઓના પાપે થયા હતા. આગ લાગ્યા બાદ સરકારના આદેશથી ૭ જેટલા અધિકારીઓને સરકારે સસ્પેન્ડ કર્યા હતા. જે બાદ ગતરાત્રે તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા અને એટીપીઓ મુકેશ મકવાણાને મહાપાલિકાએ પોલીસ કસ્ટડીમાં ૪૮ કલાક સુધી રહેતા સસ્પેન્ડ કરતા આદેશ કર્યા છે.મનસુખ સાગઠિયા છેલ્લા એક દાયકાથી ટાઉન પ્લાનિંગ શાખામાં કામ કરતા હતા. તેમના કાર્યકાળ દરમિયાન ગેમ ઝોનની દુર્ઘટના થતા ૨૮ મેના રોજ એમની અટકાયત કરવામાં આવી હતી. મનપાની ચાલુ બેઠકમાંથી ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ તેમને ઉઠાવી ગયા હતા અને પૂછપરછ હાથ ધરી હતી. જો કે, ધરપકડ બે દિવસ પછી કરવામાં આવી હતી. કોઈ પણ અધિકારીના પોલીસ કસ્ટડીમાં ૪૮ કલાક થાય એટલે તેમને સસ્પેન્ડ કરી દેવામાં આવતા હોય છે.

સાગઠિયા અને અગાઉ ટી.પી. શાખામાં કામ કરી વોર્ડ નં.૧૦નો હવાલો સંભાળી ચૂકેલા અને હાલ અન્યત્ર કામગીરી કરતા મુકેશ મકવાણાની પણ અટકાયત થયાના ૪૮ કલાક બાદ પોલીસે મનપાને બંનેને કસ્ટડીમાં લઈ રિમાન્ડ ઉપર લઈ પૂછપરછ કરવામાં આવી રહી છે તેવો પત્ર પાઠવ્યો હતો. આ પત્રને આધારે મહાપાલિકા દ્વારા બંને સામે કાર્યવાહી ધરવામાં આવી હતી.પોલીસ કસ્ટડીના રિપોર્ટને આધારે નિયમો પ્રમાણે કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત ગેમ ઝોનકાંડમાં મકવાણાએ ગેરકાયદે બાંધકામ અટકાવવા માટે નોટિસ આપ્યા બાદ તેને અટકાવવા માટે કોઈ કામગીરી કરી ન હોવાનું ખુલતા તેની સામે તેમજ ટીપીઓ સાગઠિયા સામે આવી ગંભીર બેદરકારી બદલ પગલા લેવાયા છે. ઉલ્લેખનીય છે કે પાર્ટી પ્લોટમાં આખો ગેમ ઝોન ઉભો થઈ ગયો ત્યાં સુધી આંખ આડા કાન કરનાર તંત્રની બેદરકારીની સજા ૨૭ પરિવારોને ભોગવવાનો વારો આવ્યો છે.

## વાંકાનેર સીટી પોલીસની કાર્યવાહી:જોખમી રીતે પેસેન્જરોને બેસાડતા વાહન ચાલકોને કરાવ્યું કાયદાનું ભાન

### ત્રણ વાહન ચાલકો સામે કાયદાકીય કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર સીટી પોલીસે શહેરમાં જુદા જુદા સ્થળોએ વોચ ગોઠવી જોખમી રીતે વાહનોમા ખીચો-ખીચ પેસેન્જરોને બેસાડી તેનું સ્થળાંતર કરતા કુલ ત્રણ વાહન ચાલકોને ઝડપી લઇ કાયદાનો પદાર્થપાઠ ભણાવ્યો હતો. પકડાયેલ ત્રણેય વાહન ચાલકો સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓને કાયદાનું ભાન કરાવ્યું હતું.




મોરબી જીલ્લા પોલીસ મહાનિરીક્ષક તથા પોલીસ અધિક્ષક દ્વારા મોરબી જીલ્લામાં બહારના રાજ્યોમાથી મોટી સંખ્યામા પરપ્રાંતીય મજુરીકામ કરવા આવતા મજુરો વાહનોમા ખચોખચ અને જોખમી રીતે બેસીને આવતા હોય જેથી કોઈ દુર્ઘટના બનવાની શક્યતા રહેલ હોય જેથી આવા વાહન ચાલકો વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરવા કડક સુચના કરવામાં આવી હોય જેથી મોરબી જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક વાંકાનેર વિભાગના એસ.એચ.સારડાના માર્ગદર્શન હેઠળ વાંકાનેર પો.ઈન્સ વી.પી.ગોલ તથા વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ ઉપરોક્ત કામગીરી કરવા પ્રત્યનશીલ હોય ત્યારે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ નાકા, રસ્તા ઉપર વોચ તપાસમાં હોય તે દરમિયાન વાહન ચેકીંગમા જોખમી રીતે, ખચો-ખચ મોટી સંખ્યામા માણસો બેસેલ કુલ ત્રણ વાહનો મળી આવ્યા હતા.

વાંકાનેર સીટી પોલીસે વાહન ચેકીંગ દરમિયાન આરોપી વેસ્તા ધુમસિંહ દેવકીયા ઉવ.૨૫ રહે.છોટી ફાટક તા.ભાબરા જી.અલીરાજપુર(એમ.પી), માનસિંગ નુરલા ડાવર ઉવ.૩૧ રહે.બોકડીયા પુજારીભળીયા તા ચાંદપુર જી.અલીરાજપુર(એમ.પી) તથા જીતેન્દ્ર દરીયાવસિંગ માવડા ઉવ.૨૫ રહે.કાલીખેતા તા.જોબટ જી.અલીરાજપુર(એમ.પી) મળી આવતા ત્રણેય વાહન ચાલકો વિરુધ્ધ આઈ.પી.સી તેમજ મોટરવ્હીકલ એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

## જામનગર એનઓસી વિના ધમધમતી ૪૪ શાળા અને ૧૩ ટ્યુશન કલાસ સીલ








**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એનઓસી વિના ધમધમતી ૪૪ શાળા અને ૧૩ ટ્યુશન કલાસ સીલ રાજકોટમાં થયેલા ગેમઝોનના અગ્નિકાંડ બાદ જામનગર મહાપાલિકાનું તંત્ર એક્શનમાં આવી ગયું છે, ૨૦ હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબા સીલ કરાયા બાદ ગઇકાલે ૪૪ ખાનગી શાળા, ૧૩ ટ્યુશન કલાસ અને ૨ ખાનગી હોસ્પિટલને પાર્ટ ટાઇમ સીલ કરી દેવામાં આવી છે, જે લોકોના બાંધકામ ગેરકાયદેસર હશે તે તમામના બાંધકામો તોડી પાડવામાં આવશે જેમાં કોઇની પણ શેહ-શરમ નહીં રખાય એવું કોર્પોરેશને જાહેર કર્યુ છે, હજુ પણ શાળા, કોલેજ, ખાનગી હોસ્પિટલમાં પણ પગલા લેવાશે, દ્વારકા અને જામજોધપુરમાં પણ હોટલ, રેસ્ટોરન્ટો સીલ કરવાની કામગીરી શ કરી દેવામાં આવી છે અને આજે શહેરમાં પણ કેટલાક વિસ્તારોમાં એસ્ટેટ શાખાની ટીમે કામગીરી શ કરી છે.જાણવા મળતી વિગત પ્રમાણે જામનગર શહેરમાં ગઇકાલે ફાયરના વડા કે.કે.બિશ્નોઇ, એસ્ટેટ શાખાના નિતીન દિક્ષીત, સુનિલ ભાનુશાળી સહિતના સ્ટાફે જામનગર શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ૪૪ જેટલી ખાનગી શાળાઓ સીલ કરી છે જેમાં કેટલીક ખ્યાતનામ શાળા-કોલેજ પણ આવી જાય છે, આ ઉપરાંત ૧૩ ટ્યુશન કલાસીસને પણ સીલ કરી દેવામાં આવ્યા છે, ઠેબા ચોકડી રોડ પર જે રેસ્ટોરન્ટ, હોટલ ખોલી નાખવામા આવ્યા હતાં તે સુપર ફેમીલી રેસ્ટોરન્ટના સંચાલકો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે અને આ રેસ્ટોરન્ટની ફરીથી સીલ કરી દેવામાં આવ્યું છે.જામનગરની જાણીતી કેટલીક શાળાઓમાં વર્ષોથી ફાયરની સેફટી અને સાધનો ન હતાં, આ ચેકીંગ કાર્યવાહીમાં સીટી ઇજનેર ભાવેશ જાનીની રાહબરી હેઠળ ફાયર સિસ્ટમની સગવડતા કેવી છે ? પીજીવીસીએલના વાયરીંગની કોઇ સમસ્યા છે કે કેમ ? કયાં પ્રકારની મંજુરી લેવામાં આવી નથી તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે, હજુ પણ કેટલાક કલાસીસની બહાર શેડ ઉભા કરવામાં આવ્યા છે, મોટાભાગના આ પ્રકારના શેઠ ગેરકાયદેસર છે, હોટલ અને રેસ્ટોરન્ટની બહાર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું છે, આ બધુ ધીરે-ધીરે દુર કરવામાં આવશે, એટલું જ નહીં તમામ પ્રકારના ગેરકાયદેસર બાંધકામો સરકારની સુચના મુજબ કોઇની પણ શરમ રાખ્યા વગર તોડી પાડવામાં આવશે.અત્યાર સુધીમાં કોર્પોરેશને ૨૦ રેસ્ટોરન્ટ, હોટલ અને ઢાબા, ૪૪ ખાનગી શાળા, ૧૩ ટ્યુશન કલાસ, ૨ ખાનગી હોસ્પિટલ પાર્ટ ટાઇમ સીલ કરી દેવામાં આવી છે, હજુ પણ આગળની કાર્યવાહી કરવામાં આવશે, એવી પણ ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે, છેલ્લા ૨-૩ દિવસથી ફાયર સિસ્ટમની કેટલીક ચીજવસ્તુના ભાવો વધી ગયા છે તે પણ હકીકત છે.

દ્વારકા નગરપાલિકા દ્વારા ફાયર સેફટીના મામલે ૧૦૦થી વધુ હોટલ, રેસ્ટોરન્ટ ચેક કરવામાં આવ્યા છે, કેટલીક હોસ્પિટલોમાં પણ ચેકીંગની કાર્યવાહી કરવામાં આવી છે અને ૮૦ જેટલા મિલ્કતધારકોને નોટીસ પાઠવવામાં આવી છે જયારે જામજોધપુરમાં પણ એનઓસી અને લાયસન્સ વિના ધમધમતા ૪ હોટલ અને રેસ્ટોરન્ટ સીલ કરી દેવાયા છે જેમાં શ્રીજી રેસ્ટોરન્ટ, હેપી લાઇફ રેસ્ટોરન્ટ, રોયલ ઢોસા રેસ્ટોરન્ટ અને મોમ્સ કાફે સીલ કરી દેવાયું છે, જયારે ભાણવડમાં પણ કેટલીક ખાનગી હોસ્પિટલો, ફટાકડાની દુકાનને પણ મામલતદાર અને પોલીસ દ્વારા ચીફ ઓફીસરને સાથે રાખીને ચેકીંગની કાર્યવાહી કરવામાં આવી છે.સેન્ટ ફ્રાન્સીસ સ્કુલ, પી. એન. માર્ગ, બ્રિલિયન્ટ સ્કીલ કોમ્પ્યુનીટી કોલેજ, વાલ્કેશ્વરી, ડો. તક્વાણી હોસ્પી. પાસે, શ્રીમતિ ઈન્દીરા પ્રા. શાળા, પંકજ સોસાયટી, ટી.બી.હોસ્પીટલ સામે, સેન્ટ આન્સ પ્રિ-પ્રાયમર સ્કુલ, પાર્ક કોલોની, તક્ષશિલા સ્કુલ, શ સેકશન રોડ, બા શ્રી હિરાબા રામસિંહજી રાજપુત કન્યા છાત્રાલય, શ સેકશન રોડ, ઈન્સ્ટીટયુટ, ગેલેરીયા કોમ્પ્લેક્ષ, પટેલ કોલોની, નિકુંજ સર ક્લાસીસ, ગેલેરીયા કોમ્પ્લેક્ષ, પટેલ કોલોની, ઓધવદીપ સ્કુલ, ૫૮ દિ. પ્લોટ, શ્રી વારાહી સ્કુલ, ૫૨ દિ. પ્લોટ, હમ્ઝા પ્રા. શાળા, અલસફા પાર્ક, મુસ્કાન પ્રા. શાળા, ખોજાનાકા પાસે, તાહેરીયા સ્કુલ, કાલાવડ નાકા બહાર, મોર્ડન કલાસીસ, ખોજાનાકા પાસે, ધ્રુવ ક્લાસીસ, સિધ્ધાર્થ શોપીંગ સેન્ટર, પ્રાઈમ સ્કુલ, રામનગર એમ.પી. શાહ ઉધોગનગર, એક્તા સ્કુલ, રામેશ્વર નગર, પટેલવાડી મેઈન રોડ, એલ. એન. કલાસીસ, એમ. પી. શાહ ઉધોગનગર, જેકુરબેન સોની સ્કુલ, સતવારા જ્ઞાતિ સ્કુલ, નવભારત વિધાલય, મીનાક્ષી સ્કુલ, નેશનલ કોમ્પ્યુટર કોલેજ, સરસ્વતી શિશુ વિધાલય, સ્વામિનારાયણ સ્કુલ, બાલાજી કલાસીસ પૃથ્વી કલાસીસ, ભીમાણી કલાસીસ, કીડસ કેશલ પ્રિ-સ્કુલ, પાર્થ ઈન્ફોટેક કોમ્પ્યુટર, આલ્ફા ક્લાસીસ, પારાગ્રાન્ટ્ સ્કુલ, વૃજભૃષણ સ્કુલ, સંસ્કાર ઈન્ટરનેશનલ સ્કુલ, પી. આર. સ્કુલ, રોયલ સ્કુલ, ચેસ ઈગ્લીશ મીડીયમ સ્કુલ, વિજય સોઢા સ્કુલ, બ્રિલિયન્ટ સ્કુલ-૧, લીમડા લાઈન, બ્રિલિયન્ટ સ્કુલ-૨, લીમડા લાઈન, એમ. પી. શાહ કોમર્સ કોલેજ, સાત રસ્તા પાસે, દિવ્યાબેન રાવલ ક્લાસીસ, હિરામમોતી પાર્ક, ધી મોરલ ક્લાસીસ, દિપક શોપીંગ સેન્ટર, સોઢા બાલમંદિર અને લીટલ સનસાઈન પ્લે હાઉસ, રામવાડી-ગુલાબનગર, સૂર્યદિપ વિદ્યા સંકુલ, ગોકુલનગર, રડાર રોડ, બંસી પ્રાયમરી સ્કુલ, ગોકુલનગર, રડાર રોડ, શીતલ સ્કુલ, મોહન નગર, રડાર રોડ, શ્રી સરસ્વતી એજયુ. ટ્રસ્ટ, નાયરાયણ નગર, રડાર, રાધિકા કલાસીસ, કામદાર કોલોની મેઈન રોડ, બંશીધર વિદ્યાલય, પરીશ્રમ વિદ્યાલય,બી. એન. ઝાલા વિદ્યાલય, કિલ્લોલ / યશ વિદ્યાલય, જય ભગવાન વિદ્યાલય, સિધ્ધનાથ પ્રા. શાળા, શ્રીજી વિદ્યાલય, વેદમાતા પ્રા. શાળા, અગ્રાવત હોસ્પીટલ (પાર્ટલી સીલ), ન્યુ બોર્ન હોસ્પીટલ, હવાઈચોક (પાર્ટલી સીલ) કરી દેવામાં આવી છે.

## મોરબીમાં થેલેસેમિયાના દર્દી માટે બ્લડ ડોનેશન કેમ્પમાં રકતની એકઠી કરાઈ ૧૭૫ બોટલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સ્કાય મોલ ખાતે સ્વ. કાર્તિક વી.દફતરીને શ્રધ્ધાજલી આપવા માટે તેમજસોશીયલ ગ્રુપ દ્વારા આયોજિત થેલેસેમિયાના દર્દીના લાભાર્થે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિક્રમભાઈ દફતરી તેમજ જૈન સોશીયલ ગ્રુપ દ્વારા આયોજિત ૧૨ માં બ્લડ ડોનેશન કેમ્પમાં લોકલ તથા પરપ્રાંતીય લોકોએ પણ મોટા પ્રમાણમાં રક્તદાન કરેલ છે. હાલ આ કેમ્પમાં રક્તની ૧૭૫ બોટલનુ દાન મળેલ છે. આ સાથે રાજુભાઇ(ઢોસાવાળા) તરફથી કેમ્પમાં આવતા દરેક લોકોને અને દાતાઓને સાઉથ ઇન્ડીયન નાસ્તો ફ્રી આપવામાં આવેલ હતો. આ સમગ્ર બ્લડ ડોનેશન કેમ્પના આયોજનની સફળતાનો શ્રેય વિક્રમભાઇ દફતરી અને જૈન સોશીયલ ગ્રુપના પ્રમુખ આકાશભાઇ ઘડીયાલી અને એમની ટીમ ને જાય છે.

## મોરબીમાં પ્રોહીબીશનના ગુનામાં લીસ્ટેડ આરોપીની પાસા તળે અટકાયત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા ઇગ્લીશદારૂના ગુન્હાઓમા અવાર નવાર પકડાયેલ ઇસમ વિરુદ્ધ પાસા દરખાસ્ત મંજુર થતા આરોપીની અટકાયત કરી ભાવનગર જીલ્લા જેલ હવાલે કરવામાં આવ્યો છે.



મોરબી શહેરમાં અસામાજીક તત્વો દ્વારા આચરવામાં આવતી ગેરકાયદેસરની પ્રવૃતીઓને ડામવા મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સુચના થતા મોરબી સીટી એ ડિવીઝન પોલીસ મથક વિસ્તારમાં અવાર નવાર ઇગ્લીશદારૂના ગુન્હાઓમા પકડાયેલ અસામાજીક ઇસમ સાહીલ રહીમભાઇ ચાનીયા ઉવ.૨૨ રહે.મોરબી કાલીકાપ્લોટ વસીલા પાનવાળી શેરીવાળા વિરૂધ્ધ મોરબી સીટી એ ડીવીઝન દ્વારા પાસાની પ્રપોઝલ કરવામા આવેલ જે અન્વયે મોરબી ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને કલેકટર દ્વારા આરોપીના પાસા પ્રપોઝલ મંજુર કરી પાસા વોરંટ ઇસ્યુ કરેલ જેથી પાસા વોરંટની બજવણી અનુસંધાને આરોપી સાહીલ રહીમભાઇ ચાનીયાની અટક કરી ભાવનગર જીલ્લા જેલ હવાલે કરી આપેલ છે.

## મોરબી મચ્છુ નદીના પટ્ટમાં થઇ રહેલા બાંધકામ અંગે જીલ્લા કલેક્ટરે આપ્યા તપાસના આદેશ

### ઝૂલતા પુલ નજીક સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ચાલી રહેલા બાંધકામ અંગે પૂર્ણ તપાસ કરી દિવસ પાંચમા અહેવાલ સુપ્રત કરવા આદેશ

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

મોરબી જીલ્લા કલેકટર કે.બી.ઝવેરી દ્વારા મોરબી પ્રાંત અધિકારી, જીલ્લા જમીન રેકર્ડ નિરીક્ષક, મોરબી શહેર મામલતદાર તથા મોરબી નગરપાલિકા ચીફ ઓફિસરને અરજીના રૂપમાં રજૂઆત કરતો આદેશ કરી મચ્છુ નદીના પટ્ટમાં સ્વામિનારાયણ સંસ્થા દ્વારા કરવામાં આવેલ બાંધકામ અંગે સંયુક્તમાં સ્થળ તપાસ કરી હાલ જે બાંધકામ મચ્છુ નદીની પહોળાઈ ઘટાડી થઇ રહ્યું હોય તો તે સંદર્ભે કોઈ દુર્ઘટના સર્જાવાનું જોખમ કે અન્ય બાબતે સંપૂર્ણ તપાસ કરી દિવસ પાંચમા પૂર્ણતઃ અહેવાલ સુપ્રત કરવા જણાવાયું છે.

મોરબી કલેક્ટર કચેરી દ્વારા જાહેર કરેલ પ્રેસયાદીમાં જણાવ્યા મુજબ મચ્છુ નદીના પટ્ટમાં કે જ્યાં ઝૂલતા પુલ દુર્ઘટના સર્જાઈ હતી જેની નજીક જગ્યાએ હાલ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા બાંધકામ કરવામાં આવી રહ્યું છે. તે બાબતે અરજીથી રજૂઆત કરવામાં આવી છે કે આ જગ્યા વાળુ બાંધકામ મચ્છુ નદીની પહોળાઈ ઘટાડીને થઈ રહ્યુ છે. જે બાબતે મોરબી પ્રાંત અધિકારી, જીલ્લા જમીન રેકર્ડ નિરીક્ષક, મોરબી મામલતદાર તેમજ ચીફ ઓફિસર જેવા ઉચ્ચ અધિકારીઓને સંયુક્તમાં સ્થળ તપાસ કરી થઈ રહેલું બાંધકામ અને કરવામાં આવેલ દિવાલ બાબતે રેકર્ડ આધારિત ખરાઈ કરવા તેમજ જરૂર જણાય ત્યાં સ્વામિનારાયણ સંસ્થા પાસેથી હદ અને કબ્જાના આધાર મેળવી તથા બાંધકામના કારણે નદીના કુદરતી પ્રવાહને કે પૂર્ણ સમયે બાંધકામના કારણે કોઈ દુર્ઘટના સર્જવાની શક્યતા છે કે કેમ ?ભૂતકાળમાં નદીમાં છોડવામાં આવેલ પાણીનું પ્રવાહનું લેવલ વગેરે બાબતો ધ્યાનમાં રાખી ચોક્કસ હકીકત મેળવી પૂર્ણતઃ અહેવાલ પાંચ દિવસમાં મોકલી આપવા માટે જીલ્લા કલેકટર દ્વારા આદેશ કરી જણાવ્યુ છે. અંતમાં થોડા સમયમાં ચોમાસાની શરૂઆત થતી હોય ત્યારે ઉપરોક્ત બાબતને અગ્રતા આપી સમય મર્યાદામાં અહેવાલ મોકલી આપવા જણાવ્યું છે.

## ઉપલેટા કડવા પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા રાહત દરે નોટબુક વિતરણ કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

**જામજોધપુર:** ઉપલેટા મુકામે કડવા પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા અનેક સામાજિક રચનાત્મક અને માનવ ઉત્સવ વિવિધ પ્રવૃત્તિઓમાં નિસ્વાર્થ ભાવે સેવા કરવામાં આવે છે. છેલ્લા ૧૩ વર્ષ થિ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૩ સોમવાર ના રોજ બાપુ ના બાબલા ચોકમાં સવારે ૮ થી ૧૨ દરમિયાન રાહત દરે વિદ્યાર્થીઓ માટે. નોટબુક વિતરણ કરવામાં આવેલ ખુબજ ઉત્તમ કોલેટી ના ૧૭૬ પેજના સ્કેપ નોટબુક અંદાજે. ૧૭૦૦૦. હજાર જેટલી નોટબુક વિતરણ કરેલ ઉપલેટા શહેરના તમામ સમાજના લોકો અને વિદ્યાર્થીઓએ આ વર્ષે બહોળી સંખ્યામાં રાહત દરે નોટબુક વિતરણ નો લાભ લીધેલ છે વધતી જતી મોંઘવારીમાં પડતર

ભાવ કરતા પણ નીચા ભાવે રાહતના માધ્યમ થિ થતા કાર્યને ખુબજ બહોળો પ્રતિસાદ મળેલ છે ઉપલેટા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ વાલીઓ અને બાળકો એ રાહત દરે નોટબુક નો લાભ લીધેલ છે. તથા ઉપલેટા કડવા પટેલ સમાજ આગેવાન પ્રમુખ ગોપાલભાઈ ઝાલાવાડીયા ઉપલેટા સોશિયલ ગ્રુપ ના પ્રમુખ નીતીનભાઇ અઘેરા આ કામગીરીમાં ખૂબ જ બહોળો પ્રતિસાદ મળેલ છે અને ઉપલેટા સોશિયલ ગ્રુપ કારોબારીના સભ્યોનો પણ ઉત્સાહ સાથે કામગીરી કરવામાં આવી હતી

## મોરબીમાં ઉમિયા સર્કલ પાસે મુસ્કાન વેલ્ફેર સોસાયટી દ્વારા સાર્વજનિક ઠંડા પાણીનું કુલર મુકાયું


**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં મુસ્કાન વેલ્ફેર સોસાયટી મોરબી નામના સામાજીક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા શનાળા રોડ ઉમિયા સર્કલ ખાતે સાર્વજનિક ઠંડા પાણીનું કુલર કાર્યરત કરાયું છે.

મુસ્કાન વેલ્ફેર સોસાયટી મોરબી સામાજિક સ્વૈચ્છિક સંસ્થા છે જે મોરબીમાં છેલ્લા બે વર્ષથી કાર્યરત છે. અને મોરબીમાં વિવિધ સામાજિક સેવાભાવી પ્રવૃત્તિ કરી ગરીબ તથા જરૂરિયાતમંદ લોકોની મદદ કરી અલગ અલગ વિષયો ઉપર સમજણ પણ પુરી પાડવાની સેવાકીય પ્રવૃત્તિ કરવામાં અગ્રેસર છે ત્યારે હાલ મન મૂકી પડતી કાળઝાળ ગરમીમાં લોકોની પાણીની તૃષ્ણા તૃપ્ત કરવાના આશયથી ઠંડા પાણીનું કુલર મુકવામાં આવ્યું છે. જે હાલ શનાળા રોડ ઉપર ઉમિયા સર્કલ ખાતે મુકવામાં આવ્યું છે.

આ તકે મુસ્કાન વેલ્ફેર સોસાયટી મોરબીના કાર્યકર કવિતા મેડમ અને રંજના મેડમ દ્વારા જણાવવામાં આવ્યું કે હાલ જે રીતે ગરમી પડી રહી છે ત્યારે લોકો પોતાના ઘરોમાં ઠંડા પાણી પી પોતાની તરસ છિપાવતા હોય છે પરંતુ રાહદારી લોકો તેમજ સામાન્ય લોકો કે જેઓ માટે ઠંડા પાણીની વ્યવસ્થાના ભાગરૂપે આ કુલર મૂકી એક જલસેવા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સેવાકીય કાર્ય કરવાના ઉમદા આશય સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિ મુસ્કાન વેલ્ફેર સોસાયટી મોરબી દ્વારા કરવામાં આવે છે ત્યારે આ ઠંડા પાણીના કુલર મુકવાના ભાગીરથ કાર્યમાં માનવ સેવા સંઘ દ્વારા તેમને ઘણી મદદ કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.

## રાજુલામાં નેચર કલબ દ્વારા નિ:શુલ્ક ૫૦૦૦ ચકલીના માળાનું વિતરણ કરાયુ



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા શહેરમાં પોલીસ સ્ટેશન પાસે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજુલા નેચર ક્લબ દ્વારા ૫૦૦૦ નિશુલ્ક ચકલીના માળાનું વિતરણ કરવામા આવ્યું હતું. છેલ્લા ૨૫ વર્ષથી નેચર ક્લબ ટીમ સેવાકીય કાર્ય કરી રહી છે. આ ચકલીના માળાનો વિતરણનો મુખ્ય હેતુ એ છે કે, આજના સમયમાં વૃક્ષો ની અછત થઇ રહી છે જેના કારણે ચકલીઓને રહેવાનું સ્થાન પણ ઘટી રહ્યુ છે. જેને લઇ ચકલીના માળાનું નિશુલ્ક વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં રાજુલા શહેરનાં વેપારી આગેવાનો-અગ્રણીઓ તથા વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ રાજુલા પોલીસ સ્ટાફ પણ ખાસ ઉપસ્થિત રહીને ચકલીના માળાના વિતરણ કાર્યક્રમમાં જોડાયા હતાં. આ તકે રાજુલા નેચર કલબના વિપુલભાઈ લહેરી, ચેતનભાઇ ઠાકર, મનસુખભાઇ વાઘેલા, પ્રવિણભાઇ ગોહિલ સહિત નેચર ક્લબ ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામા આવી હતી

## જામનગર જિલ્લા પોલીસ વડાની આગેવાનીમાં શહેરના તમામ ખાનગી ટ્યુશન ક્લાસ સંચાલકોની બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

રાજકોટ ગેમઝોન દુર્ઘટનાના પગલે રાજ્ય સરકાર દ્વારા તમામ આનંદ પ્રમોદના સ્થળ, શૈક્ષણિક સંકુલો, ટ્યુશન ક્લાસ વગેરેમાં સુરક્ષા બાબતે સમીક્ષા કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે જામનગરના જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ ની આગેવાનીમાં જામનગર શહેરના તમામ ખાનગી ટ્યુશન ક્લાસ સંચાલકોની એક બેઠક યોજાઈ હતી, જેમાં ટ્યુશન ક્લાસમાં અભ્યાસ અર્થે આવનારા તમામ વિદ્યાર્થીઓની સુરક્ષા ના મામલે ટ્યુશન ક્લાસ સંચાલકો સાથે વિચાર વિમર્ષ કરીને અવગત કરાયા હતા.

જામનગર શહેરમાં ચાલતા ખાનગી કોચિંગ ક્લાસ ના એસોસિયેશન દ્વારા આજે એક મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં અધ્યક્ષ સ્થાને જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુ ઉપસ્થિત રહ્યા હતા.

તેઓની સાથે જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જયેન્દ્રસિંહ ઝાલા, ઇન્ચાર્જ પ્રોબેશનલ પી.આઈ આર.ડી. રબારી ઉપરાંત રીડર પી.એસ.આઇ. પી.એન.મોરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જયારે કોચિંગ ક્લાસીસ એસોસિએશન વતી પ્રમુખ જતીન સોમૈયા, ભરતેશ શાહ, ધીરેનભાઈ મોનાણી, કમલેશભાઈ કોટેચા સહિતના ટ્યુશન ક્લાસ સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ દ્વારા તમામ ટયુશનકલાસના સંચાલકોને વિદ્યાર્થીઓની સુરક્ષા મામલે જરૂરી સુચનો કરાયા હતા. પ્રત્યેક ટ્યુશન ક્લાસમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓ કે જેઓ પોતાના પરિવારના એકનું એક સંતાન હોવા છતાં કોચિંગ ક્લાસ સંચાલકોનો ભરોસો કરીને અભ્યાસર અર્થે આવતા હોય છે. આવા તમામ વિદ્યાર્થીઓની સુરક્ષા ની જવાબદારી કોચિંગ કલાસ સંચાલકોની રહે છે.

જેથી ટ્યુશન ક્લાસમાં તમામ પ્રકારની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરીને તેની જરૂરથી અમલવારી થાય, તે પ્રકારેના સૂચનો કર્યા હતા. ખાસ કરીને ટ્યુશન ક્લાસમાં વિદ્યાર્થીઓ માટેની બેઠક અને તેઓના પ્રવેશદ્વાર અને બહાર નીકળવા માટેના બંને દરવાજા અલગ રહે તે રીતે, ઉપરાંત કલાસીસ ની અંદર ઇલેક્ટ્રીફીકેશન ચોક્કસ માધ્યમથી ફીટ કરાયેલું છે કે કેમ, તે સમગ્ર બાબતની તકેદારી રાખવી અત્યંત જરૂરી છે, જેના પર ભાર મૂક્યો હતો. તમામ ટ્યુશન ક્લાસ સંચાલકો વગેરેએ જિલ્લા પોલીસ વડાને આવકાર આપ્યો હતો, અને તેની ચોક્કસપણે અમલવારી થાય તેવી પણ આ બેઠકમાં ખાતરી અપાઈ હતી.

## જામનગરમાં વર્લ્ડનો ટોબેકો દિવસની ઉજવણી કરવામાં આવી હતી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વર્લ્ડ નો ટોબેકો દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભીતચિત્રો દ્વારા તમાકુથી થતી જાગૃતિનો પોલીટેકનીક કોલેજના છાત્રોએ પ્રયાસ કર્યો હતો. તમાકુ છોડવા માટે કવીટ લાઇન નંબર પર સંપર્ક કરી શકાય છે. જામ્યુકો દ્વારા વિશ્વ નિષેધ તમાકુ દિવસની ઉજવણીના ભાગરૂપે તમાકુ વિરોધી જનજાગૃતિ માટે પોલીટેકનીક કોલેજ મારફત પેન્ટીંગ, ડ્રોઈંગ દ્વારા જાગૃતિ લાવવવાનો પ્રયાસ કરાયો હતો.જયારે ફિઝોયોથેરાપી કોલેજના છાત્રોએ તમાકુ અંગે શિક્ષણ આપ્યું હતું. જયારે આરોગ્ય સ્ટાફે તમાકુ મુકત રહેવા શપથવિધિ લેવડાવામાં આવી હતી.




ખાસ કરીને બાળકોને તમાકુ સહિતના વ્યસનથી દૂર રાખવાની આપણ સૌની જવાબદારી હોય તમાકુ છોડવા માંગતા હોય તેઓએ નેશનલ ટોબેકો કવીટ લાઇન નં. ૧૮૦૦ ૧૧૨ ૩૫૬ પર સંપર્ક કરી સલાહ મેળવી શકે છે.

# રાજકોટ લોકસભા બેઠકની મતગણતરી કાલે સરકારી ઈજનેરી કોલેજ-કણકોટ ખાતે સવારે ૮ વાગ્યાથી શરૂ થશે

## જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી દ્વારા પત્રકારોને સંબોધનઃ કુલ ૧૪૯ રાઉન્ડમાં મતગણાતરી કરાશે, સી.સી.ટી.વી.થી મોનીટરીંગ કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ૧૦-રાજકોટ લોકસભા બેઠકની મતગણતરી સરકારી ઇજનેરી કોલેજ-કણકોટ ખાતે ૪ જૂન સવારે ૮ વાગ્યાથી શરૂ થશે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીએ પત્રકારોને સંબોધતા જણાવ્યું હતુ કે,

★ ભારતના ચૂંટણી પંચ તરફથી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત તા.૧૬/૦૩/૨૦૨૪ના રોજ કરવામાં આવેલી છે. જે મુજબ ૧૦-રાજકોટ સંસદીય મતવિસ્તારની ચૂંટણી માટે મતદાન તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ પૂર્ણ કરવામાં આવી છે. જેની મતગણતરી તા.૦૪/૦૬/૨૦૨૪ના રોજ સવારના ૦૮-૦૦ કલાકે સરકારી ઈજનેરી કોલેજ, મવડી-કણકોટ રોડ, રાજકોટ ખાતે થનાર છે.

★ સવારે ૦૮-૦૦ કલાકે ઈ.વી.એમ. અને પોસ્ટલ બેલેટ બંન્નેની એકસાથે મતગણતરી શરૂ કરવામાં આવશે.

★ કાઉન્ટીંગ સેન્ટર ખાતે ફાળવવામાં આવેલ બિલ્ડીંગ/રૂમની વિગત નીચે મુજબ છે;

(૧) પોસ્ટલ બેલેટ પેપર - E.C.Bldg - કુલ મતદાન મથકોની સંખ્યા ૧૦- રાજકોટ પી.સી. - રાઉન્ડની સંખ્યા - (૨) ૬૭-વાંકાનેર - E.C.Bldg FF બિલ્ડિંગ - મતદાન મથક ૩૦૩ - રાઉન્ડ ૨૨

(૩) ૭૧-રાજકોટ ગ્રામ્ય (અ.જા.) - E.C.Bldg GF બિલ્ડિંગ - મતદાન મથક ૩૮૧ - રાઉન્ડ ૨૮ -

(૪) ૬૬-ટંકારા - I.C. Bldg FF બિલ્ડિંગ - મતદાન મથક ૨૯૧ - રાઉન્ડ ૨૧

(૫) ૬૮-રાજકોટ પૂર્વ - I.C.Bldg GF - મતદાન મથક ૨૬૪ - રાઉન્ડ ૧૯

(૬) ૬૯-રાજકોટ પશ્ચિમ - I.C.Bldg FF - મતદાન મથક ૩૧૦ - રાઉન્ડ ૨૩

(૭) ૭૦-રાજકોટ દક્ષિણ - I.C.Bldg GF - મતદાન મથક ૨૨૮ - રાઉન્ડ ૧૭

(૮) ૭૨-જસદણ - I.C.Bldg FF - મતદાન મથક ૨૫૯ - રાઉન્ડ ૧૯

(૯) મીડિયા રૂમ - ઓડિટોરીયમ - ફોન ૨૮૧ - ૨૯૯૧૬૫૬, ૨૯૯૪૪૬૫

(૧૦) કન્ટ્રોલ રૂમ - એડમીન બિલ્ડિંગ - ૦૨૮૧-૨૯૯૪૭૮૮

ઈ.વી.એમ.ની મતગણતરી માટે વિધાનસભા મતદાર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

વિભાગ (૬૬ થી ૭૨) વાઈઝ કુલ સાત હોલમાં ૧૪ સ ૭ = ૯૮ ટેબલો પર ઈ.વી.એમ.ની મતગણતરી કરવામાં આવશે.

સાત મતગણતરી હોલમાં સાત નાયબ કલેકટર કક્ષાના અધિકારીઓ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તરીકે મતગણતરી હોલમાં ફરજ બજાવશે. અને તેમની દેખરેખ નીચે મતગણતરી કરવામાં આવશે.

કુલ ૨૦૩૬ મતદાન મથકો ખાતે ઉપયોગમાં લેવાયેલા ઈ.વી.એમ.ની કુલ ૧૪૯ રાઉન્ડમાં મતગણતરી કરવામાં આવશે.

૭૧-રાજકોટ ગ્રામ્ય (A.Å.) વિ.મ.વિ. માં સૌથી વધુ ૨૮ રાઉન્ડમાં અને સૌથી ઓછા ૧૭ રાઉન્ડમાં ૭૦-રાજકોટ દક્ષિણ વિ.મ.વિ. માં મતગણતરી થનાર છે.

પોસ્ટલ બેલેટ માટે અલગ-અલગ બે કાઉન્ટીંગ હોલ રાખવામાં આવ્યા છે. જેમાં કુલ ૨૭ ટેબલો પર પોસ્ટલ બેલેટની મતગણતરી કરવામાં આવશે.

જેમાં એક ટેબલ ઉપર કુલ ૨૨૪ (તા.૦૩/૦૬/૨૦૨૪ની સ્થિતિએ મળેલા) ETPBS ની મતગણતરી કરવામાં આવશે. (લશ્કરી દળોના મતદારો) તેમજ ૨૬ ટેબલો ઉપર કુલ ૧૨૬૨૧ પોસ્ટલ બેલેટની મતગણતરી કરવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧૦-રાજકોટ સંસદીય મતવિસ્તારની મતગણતરી માટે બે (૨) મતગણતરી ઓબ્ઝર્વરશ્રીની નિમણૂક કરવામાં આવી છે.

- પોસ્ટલ બેલેટ, ETPBS, ૬૭-વાંકાનેર વિ.મ.વિ. અને ૭૧-રાજકોટ ગ્રામ્ય (અ.જા.) વિ.મ.વિ. માટે શ્રી ડો.પૃથ્વીરાજ (IAS) ની ઓબ્ઝર્વર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

# રાજકોટ શહેર પોલીસ દ્વારા મતગણતરી સ્થળે બંદોબસ્તની તૈયારીઓ પૂર્ણ

## ત્રિસ્તરીય લેયરમાં બંદોબસ્ત ગોઠવાશે : પોલીસ કમિશરના સીધા માર્ગદર્શનના હેઠળ એડી.સીપી બંદોબસ્તનું સુપરવીઝન કરશે

**મુખ્ય સમાચાર રાજકોટ**

પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાના સીધા માર્ગદર્શન હેઠળ આવતીકાલે રાજકોટ લોક્સભા બેઠક માટે કણકોટની એન્જીનીયરીંગ કોલેજ ખાતે મતગણતરી યોજાવાની છે. જે માટે પોલીસતંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરાઈ ચુકી છે. આ મતગણતરી બંદોબસ્ત ત્રણ લેયરમાં ગોઠવવામાં



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આવશે. જેમાં પ્રથમ લેયરમાં સીપીએમએફના કર્મચારી, બીજા લેયરમાં એસઆરપીના જવાનો તેમજ ત્રીજા લેયરમાં સ્થાનિક પોલીસ ફરજ બજાવશે.

આ સમગ્ર બંદોબસ્તનું સુપરવીઝન એડીશ્નલ સીપી જનરલ કરશે. વધુમાં ટ્રાફિક ડીસીપી ટ્રાફિક બંદોબસ્તનું સુપરવીઝન કરશે. જ્યારે ડીસીપી ઝોન-૨ મતગણતરી સ્થળ પર બંદોબસ્ત જાળવશે. વધુમાં મતગણતરી સ્થળ પર ૪ એસીપી, ૧૦ પીઆઈ, ૪૦ પીએસઆઈ, ૪૫૦ પોલીસ કર્મચારી, ૪૦ એસઆરપી જવાન, ૨૦ સીપી એમએફના જવાન બંદોબસ્ત જાળવશે. મતગણતરી સ્થળ પર મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ મૂકાયો છે.

# મોરબીના લખધીરપુર રોડ ઉપર આવેલ ફેક્ટરીમાંથી ૧.૨૫ લાખના એક બાઈકની ઉઠાંતરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ઘુંટુ ગામ નજીક લખ્ધીરપુર રોડ પર આવેલ ટાઇલ્સ સીરામીક કારખાનામાં ગ્લેઝ લાઈન વિભાગ પાસે પાર્ક કરેલ એક બાઈક જેની કિ.રૂ.૧.૨૫ લાખ જેની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઇ ગયા અંગેની બાઈક ધારક દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના ઘુંટુ ગામની સીમમાં લગધીરપુર રોડ ઉપર મજની નામના ટાઇલ્સ બનાવતી ફેક્ટરીમાં ગ્લેઝ લાઈન વિભાગ પાસે યામાહા મોટર્સ કંપનીનુ યામાહા આર-૧૫ મોડલનુ મોટર સાયકલ જેના રજી નં-જીજે-૩૬-એકે-૬૧૩૯ કિ.રૂ-૧,૨૫,૦૦૦/- વાળુ મોટરસાઇકલ ગત તા.૨૦ મે ના ૧૦.૦૦ વાગ્યાથી તા-૨૧ મે ૨૦૨૪ ના રાત્રીના ૧૨.૩૦ વાગ્યાના અરશામા કોઇ અજાણ્યા ચોર ઇસમ ચોરી કરી લઇ જતા બાઈક ધારક તરૂણકુમાર ધીરજલાલ કોરડીયા ઉવ-૩૫ રહે.હાલ-સમર્પણ એપાર્ટમેન્ટ બ્લોક નં-૦૨ રવાપર-ઘુનડા રોડ મોરબી મુળ ગામ-બગથળા, તા.જી.મોરબી દ્વારા પ્રથમ ઈ-એફઆઈઆર નોંધાવી હતી બાદમાં મોરબી તાલુકા પોલીસ મથકમાં રૂબરૂ બાઈક ચોરી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી એવા અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના નવા શીરોઈ નજીક બાઈક સવાર કાકા-ભત્રીજાને ટ્રેક્ટરે હડફેટે લેતા કાકાનું મોત,ભત્રીજો ગંભીર ઘાયલ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદના નવા શીરોઈ ગામ નજીક ટ્રેક્ટર-ટ્રોલીના ચાલકે પોતાનું ટ્રેક્ટર પુરપાટ ચલાવી સામેથી આવતા બાઇકને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, જે અકસ્માતમાં બાઈક સવાર કાકા-ભત્રીજાને માથામાં તેમજ પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે ઇજાઓને કારણે બાઈક ચાલક કાકાનું મૃત્યુ નીપજ્યું હતું જયારે ૧૮ વર્ષીય ભત્રીજાને ગંભીર ઇજાઓમાં હોસ્પિત અર્થે સારવારમાં છે. આ અકસ્માતના બનાવ બાબતે મૃતકના ભાઈ દ્વારા હળવદ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ગત તા.૩૦/૦૫ના રોજ બાઈક રજી.નં. જીજે-૧૩-એએ-૬૧૧૭ માં નીકળેલ એભલભાઈ પંચાસરા તેમજ તેમનો ભત્રીજો ભાથીજી પંચાસરા રહે. બંને જૂની શીરોઈ ગામ તા.હળવદ જેઓ નવા શીરોઇ ગામથી આગળ સ્મસાન સામે રોડ પર નાલા પાસે પહોંચ્યા હતા ત્યારે સામેથી આવતા ટ્રોલી સાથે જોડેલ ટ્રેક્ટર રજી. જીજે-૧૩-ડબલ્યુ-૫૬૩૮ તથા જમણી બાજુ લખેલ રજી.નંબર જીજે-૧૩-એનએન-૦૩૩૯ પુરઝડપે અને બેફીકરાઇપૂર્વક મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે બેદરકારીથી ચલાવી આવી સામેથી આવતા મો.સાયકલ સાથે ભટકાડતા મો.સાયકલની પાછળની સીટમા બેસેલ ભાથીજીને પગ તથા માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી જયારે મો.સાયકલ ચાલક એભલભાઈને માથાના ભાગે ગંભીર ઇજા થવાથી મૃત્યુ પામ્યા હતા. અકસ્માત સર્જી ટ્રક્ટર ચાલક પોતાનુ ટેક્ટર લઇ નાસી ગયો હતો. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવની મૃતકના ભાઈ દ્વારા હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રેક્ટરના ચાલક આરોપી મહેશભાઇ થોભણભાઇ સોનગ્રા રહે-નવા વેગડવાવ તા-હળવદ જી-મોરબી સામે ગુનો નોંધી આગળની તપાસની કાર્યવાહી હાથ ધરી છે.

# લોકસભા સામાન્ય ચુંટણી અંતર્ગત મતગણતરી સ્ટાફની તાલીમ યોજાઇ

## ઓળખ કાર્ડ, વાહન વ્યવસ્થા, સ્ટેશનરી, કમ્પ્યૂટર ડેટા એન્ટ્રી, આંકડાના પત્રકો, વૈધાનિક સાહિત્ય, મહેનતાણું સહિતની કામગીરી અંગે જરૂરી સૂચના અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા. ૪ જૂનના રોજ કણકોટ ખાતે લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ની મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જે અન્વયે ૧૦ - રાજકોટ સંસદીય મત વિસ્તારમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં મતગણતરીની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

જે અંતર્ગત ૭૦ - રાજકોટ દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગના આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસરશ્રી ચાંદનીબેન પરમારની અધ્યક્ષતામાં



લોકસભા ચૂંટણીના મતગણતરી સ્ટાફની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં પ્રાંત અધિકારીશ્રીએ ઓળખ કાર્ડ, વાહન વ્યવસ્થા, સ્ટેશનરી, કમ્પ્યૂટર ડેટા એન્ટ્રી, આંકડાના પત્રકો, વૈધાનિક સાહિત્ય, મહેનતાણું સહિતની બાબતોની કામગીરી અંગે ચર્ચા કરીને જરૂરી સૂચના આપી હતી. ઈ.વી.એમ. સ્ટ્રોંગ રૂમ ખાતેની ફરજો તથા ઓબ્ઝર્વર, માઇક્રોઓબ્ઝર્વર, એજન્ટ સાથે સંકલનની કામગીરી વિષયક સમજૂતી આપી હતી. તેમજ મતગણતરી પૂર્ણ થયા બાદ સિલીંગ થયેલા ઈ.વી.એમ.ને સ્ટ્રોંગ રૂમમાં જમા કરાવવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. આ તકે અંદાજે ૬૦ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ટંકારાના નેકનામ ગામે પેટ્રોલ પંપના માલીકે સંચાલકો પાસે હિસાબ માંગતા સાત શખ્સોએ આપી ગર્ભિત ધમકીઓ

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારાના નેકનામ ગામે પેટ્રોલ પંપના માલીકે પેટ્રોલપંપના સંચાલકો પાસે પંપક્ષ્ઝ હિસાબ માંગતા અલગ અલગ સાત શખ્સો દ્વારા અવારનવાર પંપના માલિકોને ગાળો આપી ગર્ભિત ધમકીઓ આપવામાં આવી રહી હોય જે સમગ્ર બનાવ બાબતે પંપના માલીક દ્વારા સાતેય આરોપીઓ સામે ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મૂળ ટંકારા તાલુકાના નેકનામ ગામના રહેવાસી હાલ રાજકોટ શ્રોફ રોડ ઓમ એપાર્ટમેન્ટમાં રહેતા અજીતસિંહ નાનભા ઝાલા ઉવ.૬૮ એ ટંકારા પોલીસ મથકમાં આરોપી ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ટેપો જસુભા ઝાલા, ધનશ્યામસિંહ ભીખુભા ઝાલા, વિક્રમસિંહ ઉર્ફે ટીનો જસુભા ઝાલા, જીતેન્દ્રસિંહ ઉર્ફે લાલો જસુભા ઝાલા, પરાક્રમસિંહ ઉર્ફે કાનો ઘનશ્યામસિંહ ઝાલા, અભીરાજસિંહ યુવરાજસિંહ ઝાલા, સહદેવસિંહ જયરાજસિંહ ઝાલા રહે.બધા નેકનામ તા.ટંકારા જી.મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે આજથી એકાદ વર્ષ પહેલા ટંકારાના નેકનામ ગામે આવેલ પેટ્રોલ પંપના માલીક અજીતસિંહ નાનભા ઝાલા તથા અન્ય ભાગીદાર દ્વારા આ પેટ્રોલ પંપનું સંચાલન કરતા આરોપી પરાક્રમસિંહ ઉર્ફે કાનો ઘનશ્યામસિંહ ઝાલા તથા સહદેવસિંહ જયરાજસિંહ ઝાલા હિસાબના પૈસા માંગતા જે બાબતે આઇઓપી પંપ સંચાલકોને સારું નહિ લાગતા ઉપરોક્ત સાત પૈકી પાંચ આરોપીઓએ પેટ્રોલ પંપ માલીકને વારાફરતી આવી અવારનવાર ગાળો આપી પંપ બંધ કરવાની ધમકીઓ આપતા હતા. જયારે આરોપી અભીરાજસિંહ યુવરાજસિંહ ઝાલા અને સહદેવસિંહ જયરાજસિંહ ઝાલાએ પંપના માલિકો પેટ્રોલ પંપથી ટંકારા આવતા હતા ત્યારે રસ્તામાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. ત્યારે સમગ્ર બનાવમાં આજ દિન સુધી ઘરમેળે સમાધાનની વાત ચાલતી હોય પરંતુ સનધાન ન થતા આખરે પંપના માલિક દ્વારા સાતેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવતા હાલ ટંકારા પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# તાલુકા સેવા સદન જસદણ ખાતે ફાયર મોકડ્રીલ યોજાઈઃ પ્રત્યક્ષ નિદર્શન સાથે માહિતી અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી કચેરીઓ ખાતે સામાન્ય દિવસોમાં જાહેર જનતા બહોળી સંખ્યામાં મુલાકાત લેતી હોય છે ત્યારે આકસ્મિક રીતે આગ લાગવાના બનાવ બનેતો કયા પગલા દ્વારા લોકોનો બચાવ કરી શકાય અને પ્રાથમિક સ્તરે કયા પગલાં દ્વારા આગજનીની મોટી દુર્ઘટના બનતી ટાળી શકાય તે હેતુ સાથે તાલુકા સેવા સદન જસદણ ખાતે ફાયર મોકડ્રીલ યોજાઈ હતી.



આ મોકડ્રીલમા જસદણ નગરપાલિકાના ફાયર સ્ટાફ દ્વારા તાલુકા સેવાસદન જસદણના કર્મચારીઓને આકસ્મિક આગ લાગે તો આગ પર તાત્કાલિક કઈ રીતે કાબુ મેળવવો, આગની ઘટના સમયે ક્યા પ્રકારના સાવચેતીના પગલાં લઈ જાનહાની ટાળી શકાય, ફાયર એસ્ટીંગ્યુશર ચલાવવા જેવી બાબતો વિષે પ્રત્યક્ષ નિદર્શન સાથે માહિતી આપવામાં આવી હતી તેમ પ્રાંત અધિકારી જસદણની યાદીમાં જણાવાયું છે.

# પ્રકૃતિ પ્રેમ પ્રથમઃ વૃક્ષો વાવી દવે દંપતિએ લગ્નતિથિની આદર્શ ઉજવણી કરી

## પ્રકૃતિ સંવર્ધન અર્થે હળવદના સામાજિક કાર્યકર્તા તપન દવે એ ૧૨ વૃક્ષો વાવી લગ્નની ૧૨ મી વર્ષગાંઠ ઉજવીઃ કુદરતના ખોળે વૃક્ષારોપણ ઉજવણી કરી અન્યને બતાવી નવી રાહ

**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

**હળવદ:** હળવદના સામાજિક કાર્યકર્તા તપન દવે એ ૧૨ મી લગ્નતિથિ નિમિતે ૧૨ વૃક્ષો વાવી પ્રકૃતિ દેવતાની પૂજા કરી લગ્નદિવસ ની ઉજવણી કરી છે હાલ આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગ સામે જજુમી રહ્યું છે. જેની ભયાનક અસરો પણ જોવા મળી રહી છે, આ ઉનાળામાં ગરમી ૪૫ ડિગ્રી ને પાર કરી ગઈ છે અને માણસો અસહ્ય ગરમીના કારણે હાહાકાર પોકારી ઉઠયા છે. ત્યારે આ સમયે વધુ માં વધુ વૃક્ષોનું વાવેતર થાય અને તેનું જતન થાય તે આજના સમયની માંગ છે. ત્યારે હળવદના સેવાભાવી યુવાન-ગૌસેવક અને મોરબી જિલ્લા યુવા ભાજપના મહામંત્રી ચિ.તપન અને ચિ.



વંદના એ પોતાના લગ્ન જીવન ના ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૨ માં વર્ષ માં મંગલ પ્રવેશ નિમિત્તે ૧૨ દેશી કુળ ના વૃક્ષો જેમાં પીપળો , ઉંબરો , રાયણ , અર્જુનસાદડ , જાંબુડો જેવા વૃક્ષો નો સમાવેશ થાય છે અને આ છોડ વાવ્યા એટલું જ નહિ તે વાવી તે મોટા થાય ત્યાં સુધી તેનું જતન કરવા માટે પણ દવે દંપતિ કટિબદ્ધ બન્યા છે આપડે સૌ એ જોયું છે કે કોરોનાં ના કપરા સમય માં ઓકસીજન ના બાટલા માટે લોકો કેવી પડાપડી કરતા હતા ત્યારે આ વૃક્ષો આપડ ને ભરપૂર માત્રા માં ઓકસીજન આપે છે તો આપડે આવનારી પેઢી માટે વધુ માં વધુ વૃક્ષારોપણ કરીએ તે અનિવાર્ય છે ત્યારે પ્રકૃતિની જાળવણી માટે વધુ માં વધુ વૃક્ષારોપણ થાય લોકો જન્મ તિથિ, લગ્ન તિથિ, સ્વજનોની મરણ તિથિ નિમિત્તે પશ્ચિમી સંસ્કૃતિ સાથેની બીજી ખોટી ઉજવણીઓને ટાળી કુદરતના સંવર્ધન માટે વૃક્ષારોપણ સહિતની પ્રવૃત્તિઓ કરીને પ્રકૃતિનું જતન કરે તે આજના સમય ની માંગ છે

# પોલીસતંત્ર માથીં વયનિવૃત્ત થતાં સાત અધિકારી-કર્મચારીને અપાયુ વિદાયમાન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા ૬ એ.એસ.આઈ. તેમજ એક પોલીસ હેડ કોન્સ્ટેબલ વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા હતાં. તેઓને જિલ્લા પોલીસ વડાએ વિદાયમાન આપ્યું હતું.

જામનગરના પોલીસ બેડામાં ફરજ બજાવીને નિવૃત્ત થનાર ૬ એએસઆઈ જમનભાઈ નાથાભાઈ મુંગરા, હરજીભાઈ હરદાસભાઈ ડાભી, રાધેશ્યામ દ્વારકાદાસ અગ્રાવત, પંકજભાઈ ગૌરીશંકરભાઈ પંડ્યા, પ્રકાશભાઈ દેવરાજભાઈ જરૂ, યુસુફઅલી બદરમીયા કાદરી તેમજ



પોલીસ હેડ કોન્સ્ટેબલ અરવિંદગર ભીખુગર ગોસાઈનો વિદાય સન્માન સમારોહ જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની કચેરીમાં રાખવામાં આવ્યો હતો. જેમાં તમામનું મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# જામનગરના ખીજડિયા બાયપાસ પાસેથી દારૂ ભરેલી મોટરઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર આવેલા ખીજડિયા બાયપાસ પાસેથી દારૂ સામે પસાર થતી મોટરને એલસીબી પોલીસે આંતરી હતી અને રૂા.૧ લાખ ૨૩ હજારનો દારૂ-બીયરનો જથ્થો જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી હતી.

એલસીબીના પોલીસ ઈન્સ. વી.એમ. લગારીયાની સુચનાથી પો.સ.ઈ. આર.કે. કરમટા અને પી.એન. મોરી તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે સ્ટાફના ધર્મેન્દ્રસિંહ જાડેજા, વનરાજ મકવાણા અને કિશોરભાઈ




પરમારને દારૂ અંગે બાતમી મળતા ખીજડિયા બાયપાસ પાસે સ્ટાફે વોચ ગોઠવી હતી.આ સમયે જીજે-૧૭-બીએ ૧૧૯૧ નંબરની બલેનો મોટર શંકાસ્પદ હાલતમાં પસાર થતા પોલીસે કારને આંતરી હતી અને તેની તલાશી લેતા તેમાંથી રૂા.૧,૨૮,૦૦૦ની કિંમતની ૩૨૨ નંગ દારૂની બોટલ તથા ૭૨૦૦ની કિંમતની ૭૨ નંગ બીયરના ટીન મળી આવતા તેને કબ્જે કર્યા હતા.દારૂની હેરાફેરી કરી રહેલા કારચાલક ભૂપતસિંહ રાઠોડ (રાજસ્થાન)ને ઝડપી લીધો હતો.પોલીસે દારૂ, બીયર, મોબાઈલ ફોન અને મોટર કાર મળી કુલ રૂા.૪,૩૭,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી કારચાલક સામે ગુન્હો નોંધ્યો છે. જ્યારે દારૂનો જથ્થો રાજસ્થાનના સુરેશ શંકરભાઈએ સપ્લાય કર્યો હોવાથી તેની સામે પણ ગુન્હો નોંધી તેની શોધ શરૂ કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કણકોટ એન્જિનિયરિંગ કોલેજ ખાતે જડબેસલાક સુરક્ષા બંદોબસ્તઃ કાલે મતગણતરી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આવતીકાલે રાજકોટ લોકસભા બેઠકની સવારે ૮ વાગ્યાથી કણકોટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે મગણતત્રી થશે. ઈવીએમના ૧૨ લાખ ૬૦ હજાર તથા પોસ્ટલ બેલેટ-સર્વીસ વોટર્સના ૧૨૫૦૦થી વધુ થઈને કુલ ૧૨ લાખ ૭૨ હજારથી વધુ મતો ગણાશે, જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે પંચના બંને ઓબ્ઝર્વરો રાજકોટમાં મતગણતરી સ્થળે હાજરી આપશે. ૮ કાઉન્ટીંગ હોલના દરેક હોલમાં ૧૪ ટેબલ પર ૨૧ રાઉન્ડ થશે આ માટે ૧૨૦૦ કર્મચારીઓનો તૈનાત રહેશે. કાઉન્ટીંગ હોલમાં કલેક્ટર સહિત તમામને મોબાઈલ લઈ જવાની મનાઈઃ ઈવીએમ તથા વીવીપેટની મતગણત્રી સરખાવાશે.

## જામનગર સીટી બી. ડિવિઝનના એલ.આઈ.બી. શાખામાં ફરજ બજાવતા પોલીસ કર્મી સામે લાંચનો ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં એલઆઇબી શાખામાં ફરજ બજાવતા દેવસુરભાઈ વિરાભાઈ સાગઠીયા નામના પોલીસ કર્મચારી સામે જામનગર એસીબી ની ટીમ દ્વારા લાંચ રૂશ્વત ધારા અંગે ગુનો નોંધવામાં આવ્યો છે, અને તેની અટકાયત કરવા માટેની કાર્યવાહી હાથ ધરાઈ છે.જામનગર માં ગત વિધાનસભા ની ચૂંટણી -૨૦૨૨ દરમિયાન એક વ્યક્તિનું વાહન રીકવિઝીટ કરેલું હતું, તે ઇકો કારના સરકારશ્રીના ધારા ધોરણ મુજબ કાયદેસરના મંજૂર થયેલ બિલની રકમ બેંકના ખાતામાં જમા થતાં પોલીસ કર્મચારીએ તે બિલ ની રકમ પેટે ૬,૦૦૦ રૂપિયા ની લાંચ ની માંગણી કરી હતી. તે રકમ આપવી ન હોવાથી વાહન ચાલક દ્વારા જામનગરની એ.સી.બી. શાખાનો સંપર્ક સાધવામાં આવ્યો હતો.

જેના અનુસંધાને જામનગર એસએબી શાખા ની ટુકડીએ પુરાવાઓ એકત્ર કર્યા પછી પોલીસ કર્મચારી દેવસુરભાઈ વીરાભાઈ સાગઠીયા સામે લાંચ રૂશ્વત ધારા હેઠળ ગુન્હો નોંધ્યો છે, જેમાં સરકાર પક્ષે એ.સી.બી. શાખા ના ઇન્ચાર્જ પી.આઈ. એમ.ડી. પટેલ ફરિયાદી બન્યા છે. જેમાં આરોપી પોલીસકર્મીની અતકાયત કરવા માટે ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## જામનગર-કાલાવડ માર્ગે કારમાંથી દારૂની ૨૨૮ બોટલ ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કાલાવડ માર્ગથી પસાર થતી મોટરકારમાંથી ૨૨૮ નંગ દારૂની બોટલનો જથ્થો પોલીસે ઝડપી લઈ એક આરોપીની ધરપકડ કરી હતી જ્યારે આ કેઈસમાં દારૂ સપ્લાયર્સનું નામ ખુલવા પામ્યું હતું.જામનગરના સિટી એ ડિવિ. પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગઈકાલે પેટ્રોલીંગમાં હતો ત્યારે દારૂની હેરાફેરી અંગે બાતમી મળતા કાલાવડ નાકા બહાર રાધિકા સ્કૂલ પાસે વોચ ગોઠવી હતી. આ સમયે સફેદ કલરની રીટઝ જીજે-૧-ડીજે-૪૩૦૫ નંબરની મોટરકાર પસાર થતાં પોલીસે તેને આંતરી હતી અને તલાસી લેતા તેમાંથી રૂા. ૧ લાખ ૧૪ હજારની કિંમતનો ૨૨૮ નંગ દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો, આથી પોલીસે દારૂ અને એક લાખની કિંમતની મોટરકાર કબ્જે કરી દારૂની હેરાફેરી કરી રહેલા મોટરકાર ચાલક ગુમાનસિંહ ઉર્ફે ધનો તખુભા જાડેજા (રે. અયોધ્યાનગર) ની ધરપકડ કરી હતી. દારૂનો આ જથ્થો બનાસકાંઠા પંથકના કિરણ નામના શખ્સે સપ્લાય કર્યો હોવાનું ખુલવા પામતા પોલીસે તેને ફરારી જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

## માધાપર ચોકડી ઓવરબ્રિજ પર બાઈકચાલક ફૂટપાથ સાથે અથડાઈ નીચે પટકાતા મોત

### મુળ કેરલાનો ફિલીપ્સ થોમસ છાપરા ગામે કંપનીમાં નોકરી કરતોઃ વહેલી સવારે બનાવઃ ચા વાળાએ ઘટના નજરે જોઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માધાપર ચોકડીથી મોરબી ચોકડી વચ્ચેના ઓવર બ્રીજ પર વહેલી સવારે એક બાઇક ફૂટપાથ સાથે અથડાતાં તેનો ચાલક ઉછળીની પૂલ નીચે ખાબકતાં ગંભીર ઇજા થતાં મોત નિપજ્યું છે.

જાણવા મળ્યા મુજબ વહેલી સવારે એક બાઇક માધાપર ચોકડી ઓવર બ્રીજના છેડે મોરબી તરફ ફૂટપાથ સાથે અથડાયા બાદ ચાલક ઉછળીને પૂલ નીચે પટકાયો હતો. બાઇક પૂલ ઉપર જ ફંગોળાઇ ગયું હતું. નીચે પટકાયેલા ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં ગાંધીગ્રામના હેડકોન્સ. સોનલબેન સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી હતી. એ પહેલા કોઇએ જાણ કરતાં ૧૦૮ના ઇએમટી નિલેષભાઇ સોલંકી, પાઇલોટ ગોરધનભાઇ પહોંચ્યા હતાં. તેની તપાસમાં યુવાન મૃત્યુ પામ્યાનું જણાયું હોઇ પોલીસ કન્ટ્રોલ રૂમમાં જાણ કરી હતી.

પોલીસે તપાસ કરતાં પૂલ પર જીજે૦૩જેજી-૭૪૦૮ નંબરનું બાઇક જોવા મળ્યું હતું. મૃતક યુવાનના ખિસ્સામાંથી ફિલીપ્સ થોમસ (ઉ.વ.૩૫) નામના નામનું છાપરાની ડબલ્યુ ટેક્નોકાસ્ટ એલએલપી કંપનીનું આઇ કાર્ડ મળ્યું હતું. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આ યુવાન આ કંપનીમાં નોકરી કરતો હતો અને મુળ કેરલાનો હતો. તેને બે સંતાન છે. રાજકોટમાં રહેતાં સ્વજનોનો સંપર્ક કરવા પોલીસે પ્રયાસ હાથ ધર્યા હતાં. બનાવ અકસ્માતે બન્યાનું એક ચાવાળાએ જોયું હતું. પોલીસે વધુત પાસ યથાવત રાખી છે.

## અમદાવાદમાંથી વધુ એક કરોડની કિંમતનો માદક પદાર્થનો જથ્થો ઝડપાતા પોલીસ હરકતમાં

### બીએસએફ સીઆઇએસએફનો અનુભવ ધરાવતા સીપી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા બદલાયેલ પેટર્ન અંગે ક્રાઇમ બ્રાન્ચ વડા શરદ સિંઘલ સાથે ચર્ચા કરી ઘડેલી રણનીતિ કામયાબ નીવડી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બીએસએફ અને એરપોર્ટ સહિતની સુરક્ષા વ્યવસ્થા સહિત મહત્વની કેન્દ્રીય વિભાગોનાં વડા રહી ચૂકેલા અમદાવાદના પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા ક્રાઇમ બ્રાન્ચ વડા શરદ સિંઘલ અને ડીસીપી ક્રાઇમ અજિત રાજીયાન સાથે બેઠક યોજી પોતાને ડ્રગ્સ હેરફેરની ચોક્કસ પેટર્ન અંગે અનુભવી સૂત્રો દ્વારા જે માહિતી મળેલ અને તે દિશામાં ક્રાઇમ બ્રાન્ચ અર્થાત ડીસીબી ટીમને કસ્ટમ્સ સાથે સંકલન કરવા ચર્ચા કરી આ ત્રિપુટી દ્વારા તૈયાર થયેલ રણનીતિ સફળ રહી છે, કુરિયર કંપનીના ૧૪ શંકાસ્પદ પાર્સલ ચેક કરતા એક કરોડથી રકમનો કેફી દ્રવ્ય મળી આવ્યાનું બહાર આવ્યું છે.

ઉપરોક્ત બંને એજન્સીઓ દ્વારા નિયમિત દેખરેખ દરમ્યાન એક ઈનપુટ મળેલ કે, પેડલર્સ સરહદો પારથી માદક દ્રવ્યોનીગેર કાયદેસર હેરાફેરી માટે ડાર્કવેબ અને અન્ય સોશીયલમીડીયા ઉપયોગ કરે છે. જેથી તુરત જ સંયુક્ત ટીમ સેટઅપ કરવામાં આવેલ અને આ ટીમ દ્વારા સફળતાપુર્વક ઘણા કુરિયર પાર્સલને અટકાવવામાં આવેલ. તેમજ શંકાસ્પદ કુરીયરોની તપાસ કરતાં કુલ ૧૪ શંકાસ્પદ પાર્સલ મળી આવેલ.જેમાં આછા લીલાશ પડતો વનસ્પતિજન્ય પદાર્થનો જથ્થો નેટ ૩ કિલો ૭૫૪ કિલોગ્રામ મળી આવેલ જેનીઆંતરરાષ્ટ્રીય બજાર કિ.રૂ. ૧,૧૨,૬૨,૦૦/-ગણાય.

ઉપરોક્ત બાબતે અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ, ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૧૨૪૦૧૧૧/૨૦૨૪ એન.ડી.પી.એસ. એક્ટ કલમ ૮(સી), ૨૦(બી), ૨૩, ૨૯ મુજબનો ગુનો તા.૩૧/૦૫/૨૦૨૪ ના રોજ દાખલ થયેલ છે. આ પ્રકારની નવી મોડસ ઓપરેન્ડી જેમાં ઉપરોક્ત માદક દ્રવ્યોને અલગ Baby Booties, Fruit Feeder, Multi purpose Latches ચોકલેટ, લેડીસ ડ્રેસ,લંચ બોક્ષ, વિટામીન કેન્ડી,હેડ ફોન,ટેડી બિઅર, White colour Jafarda Air Purifier Filter વિગેરેમાંથી મળી આવેલ છે. થોડા રીસીવરોની ઓળખ કરવામાં આવી છે અને તપાસ ચાલુ છે.

## દક્ષિણ મામલતદાર દ્વારા મવડીમાં દબાણ હટાવ ઓપરેશનઃ ૩૨ ઝૂંપડાઓ તોડી પડાયા : બાકીના સ્વેચ્છાએ ખસી ગયા

### ૬ થી ૭ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ : કલેકટરને કરાતો રિપોર્ટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દક્ષિણ મામલતદાર કાકડીયા અને તેમની ટીમે મવડી સર્વે નં. ૧૯૪માં પોલીસ હેડ કવાર્ટર પાસે આવેલ સરકારી ખરાબાની જગ્યામાં મજૂર પરિવારો દ્વારા અંદાજીત ૬૦ થી ૭૦ ઝુંપડાઓ બનાવી દબાણ કરવામાં આવ્યાનું બહાર આવતા ઓપરેશન હાથ ધર્યુ હતું પરંતુ દબાણકારોએ સ્વેચ્છાએ ખસી જવાનું કહેતા આ જમીન ખુલ્લી કરાવાઇ હતી. જેમાં અંદાજીત ૩૦ થી ૩૨ ઝુંપડાઓ તોડી પડાયા હતા, અને ૧૦૦૦ ચોરસ મીટર જેટલી જગ્યા ખુલી કરવામાં આવેલ. જ્યારે બાકીના દબાણકારોએ સવાર સુધીમાં પોતાના દબાણવાળી જગ્યા ખુલ્લી કરવાની બાંહેધરી સાથે વિનંતી કરતા તેઓને સવાર સુધી સમય આપવામાં આવેલ હતો, કુલ ૬ થી ૭ કરોડની જમીન ખુલ્લી કરાવી દબાણ મામલતદારે કલેકટરને રીપોર્ટ કરી દિધો છે.

## ત્રણ દિવસ પહેલાં યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં બનેલાં લૂંટના ગુનામાં ૪ શખ્સો ઝડપાયાઃ ૧૭.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રણ દિવસ પહેલા યુનિવર્સિટી પોલીસ મથક હેઠળના વિસ્તરમાં કારમાં આવેલા શખ્સો બાઈકચાલકને આંતરી રોકડ લૂંટી ગયા હતાં. આ ગુનો યુનિવર્સિટી પોલીસ અને એલસીબી ઝોન ૨ ટીમે ઉકેલી ૪ આરોપીને પકડી લીધા છે. એકનું નામ ખુલ્યું છે. ગુનો ઉકેલવા ટીમ પ્રયત્નશીલ હતી ત્યારે હેડકોન્સ. રઘુવીરસિંહ વાળા, કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા અને મૈસુરભાઇ કુંભારવાડીયાને મળેલ બાતમીના આધારે આરોપીઓને પકડી લીધા છે. પોલીસ (૧) શુભમ ઇશ્વરભાઇ ગોકળદાસભાઇ પુરોહિત (ઉ.વ.૨૦ રહે.માધવવાટીકા એપાર્ટમેન્ટ બ્લોક નં. સી-૨૦૨ ૧૫૦ ફુટ રીંગ રોડ નજીક બેડીચોકડી જતા રોડ પાસે રાજકોટ), ભવ્ય નિતીનભાઈ રમેશભાઇ દવે (ઉ.વ.૨૩ રહે.દ્વારકેશપાર્ક શેરી નં.૦૩ આલાપગ્રીન સીટી પાછળ સંસ્કાર મકાન રાજકોટ), યશ અનવરભાઇ હબીબભાઇ લાલાણી (ઉ.વ.૨૧ રહે. સત્યસાંઇ રોડ મારૂતીનગર શેરી નં.-૦૨ ભાડેથી રાજકોટ મુળગામ ચોરવાડ લીમડાચોક તા.માળીયાહાટીના જી.જુનાગઢ) અને નૈમિશ મયુરભાઇ વસંતભાઇ શર્મા (ઉ.વ.૨૦ રહે.માંડાડુંગર ગોકુળપાર્ક મકાન નં.-૦૪ રાજકોટ)ને પકડ્યા છે, જ્યારે આ ગુનામાં ધ્રુવરાજસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ (રહે.રાજકોટ)નું નામ ખુલતાં શોધખોળ થઈ રહી છે.

પોલીસે આરોપીઓ પાસેથી સ્કોર્પીયો કાર, આઇફોન, સેમસંગ કંપનીનો મોબાઇલ, વનપ્લસ કંપનીનો મોબાઇલ, રીયલમી કંપનીનો મોબાઇલ મળી કુલ ૧૭,૪૫,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગરીયા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઝોન-૨) જગદિશ બંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (પશ્ચિમ વિભાગ) રાધીકા ભારાઇની સૂચના અનુસાર આ કામગીરી ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર જે.એમ.કૈલા, પો.સબ ઇન્સ. આર.એચ.ઝાલા, બી.આર.ભરવાડ, એ.એસ.આઇ. સમીરભાઇ શેખ, હેડકોન્સ. મહિપાલસિંહ જાડેજા, રઘુવીરસિંહ વાળા, મહેન્દ્રસિંહ ડોડીયા, રાહુલભાઇ ગોહેલ, પો.કોન્સ.વનરાજભાઇ લાવડીયા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, મૈસુરભાઇ કુંભારવાડીયા, યોગરાજસિંહ ગોહીલ એલ.સી.બી. ઝોન-૨ ટીમના અમીનભાઇ ભલુર, મનીષભાઇ સોઢીયા, જયપાલસિંહ સરવૈયા સહિતે કરી છે.

## આનંદી જવેલર્સમાં લૂંટ ચલાવવાની ઘટનામાં બે શખ્સને ઝડપી લેતી માલવીયાનગર પોલીસ

### બાંધકામના ધંધામાં રોકાણ કરતાં ૨૨ લાખનું દેણું થઇ ગયું'તું તે ઉતારવા લૂંટનો પ્લાન ઘડયો હતોઃ બંને આરોપી રિમાન્ડ પર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લક્ષ્મીનગર નાલા પાસે ૨૫મી મેના બપોરે આનંદી જ્વેલર્સમાં ત્રાટકી બે શખ્સ ગ્રાહકનો સ્વાંગ રચી દૂકાનમાં આવ્યા બાદ દૂકાનદાર સાથે ઝપાઝપી કરી છરીથી ઇજા પહોંચાડી સોના ચાદીના દોઢેક લાખના દાગીનાની લૂંટ કરી ભાગી ગયા હતાં. આ ગુનાનો ભેદ માલવીયાનગર પોલીસે ઉકેલી મુળ કોડીનારના દામલી ગામ નવાપરાના વતની અને હાલ રાજકોટ રહેતાં બે કાકા-બાપાના ભાઇઓ ધર્મેશ અરશીભાઇ સોલંકી (ઉ.વ.૨૫-રહે. લક્ષ્મીનગર રોડ, દાસી જીવણપરા-૨) તથા રવિ બાબુભાઇ સોલંકી (ઉ.વ.૨૭-રામધામ સોસાયટી, જયગીત સોસાયટી-૨)ને પકડી લીધા છે. ધર્મેશ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફમાં કામ કરે છે અને રવિ ખાનગી હોસ્પિટલમાં રિસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરે છે. ધર્મેશે મિત્ર મારફત બાંધકામ સહિતના ધંધામાં સગા સંબંધી પાસેથી નાણા લઇ રોકાણ કર્યુ હોઇ તેમાં બાવીસેક લાખનું દેણું થઇ જતાં જ્વેલર્સને લૂંટવાનો પ્લાન ઘડયો હતો. મોટી મત્તા મળવાની આશા હતી પણ



તેમાં સફળતા મળી નહોતી.

આ ગુનામાં માલવીયાનગર પોલીસે ધર્મેશ અને રવિ નામના બે પિત્રાઇ ભાઇને દબોચ્યા છે. માલવીયાનગર ડી. સ્ટાફના હેડકોન્સ. જયદેવસિંહ પરમાર, કોન્સ. હરસુખભાઇ સબાડ અને કોન્સ. જયદિપસિંહ ભટ્ટી તથા મયુરદાન બાટીને બાતમી મળી હતી કે લક્ષ્મીનગર આનંદી જ્વેલસમાં થયેલી લૂંટમાં સામેલ શખ્સો જીજે૩૨એડી-૬૧૧૮ નંબરના બાઇક સાથે પુનિતનગર પાણીના ટાંકા પાસે ઉભા છે. તેના આધારે બંનેને દબોચી લીધા હતાં. આ બંને પાસેથી ૫૦ હજારનું બાઇક, બે મોબાઇલ ફોન મળી ૯૦ હજારની મત્તા કબ્જે કરી તેણે લૂંટેલા દાગીના કબ્જે કરવા તજવીજ હાથ ધરી છે.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ ધર્મેશ અને રવિ કાકા-બાપાના ભાઇ થાય છે. બંને રાજકોટ રહે છે અને ધર્મેશ હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફમાં છે તથા રવિ ખાનગી હોસ્પિટલમાં રિસેપ્સનીસ્ટ છે. ધર્મેશે અગાઉ મિત્ર મારફત બાંધકામના ધંધામાં રોકાણ કરતાં લાભ થયો હતો. એ પછી ફરી વખત લાખોનું રોકાણ કરવા સગા સંબંધી, જીજાજી પાસેથી નાણા લીધા હતાં. પણ આ વખતે ખોટ જતાં દેણામાં આવી જતાં તેમાંથી બહાર નીકળવા લૂંટનો પ્લાન ઘડયો હતો. જેમાં મોટા બાપુના દિકરા રવિને સામેલ કર્યો હતો. લૂંટ કરી બંને બાઇક પર ગોંડલ તરફ ભાગી ગયા હતાં. હવે પોલીસ ઓળખી નહિ શકે તેમ માની ગઇકાલે રાજકોટ આવતાં જ બાતમી પરથી દબોચાઇ ગયા હતાં.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી વી. જી. પટેલની સુચના અનુસાર પીઆઇ જે. આર. દેસાઇ, પીએસઆઇ ડી. એસ. ગજેરા, હેડકોનસ. અજયભાઇ વિકમા, જયદેવસિંહ પરમાર, હિરેનભાઇ પરમાર, દિનેશભાઇ બગડા, કોન્સ. હરસુખભાઇ સબાડ, મયુરદાન બાટી, જયદિપસિંહ ભટ્ટીની ટીમે આ કામગીરી કરી હતી. બંને આરોપી રિમાન્ડ પર હોઇ વિશેષ તપાસ યથાવત રખાઇ છે.